**સુવિચાર**

સફળતા એમાં નથી કે કદી ભૂલ જ ન થાય. પરંતુ સફળતા તો એમાં છે કે એકની એક ભૂલ બીજીવાર ન થાય.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૪/૧૨/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

શીયાળાની કડકડતી ઠંડીમાં સ્વાદ અને સ્વાસ્થ્ય વર્ધક શુધ્ધ ઘી માં...
હરિૐ PENDAWALA
અડદીયા
ગુંદરપાક
મેથીલાડું
હરિૐ પેંડાવાળા
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૧ માગશર સુદ-૩ વર્ષ : ૧૫ અંક : ૨૯૫

સ્ત્રી રોગ ?
ગર્ભાશય (કોથળી) ની તકલીફ ?
રાહત દરે
દુરબીનથી ટાંકા વગરના ઓપરેશન
ડો. સંજય સોલંકી
કન્સલ્ટન્ટ ગાયનેકોલોજીસ્ટ
એન્ડ લેપ્રોસ્કોપીક સર્જન


નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦. ઈમરજન્સી હેલ્પલાઈન: ૯૯૭૮૨ ૯૩૦૦૦

## હિરકબાગમાં ગોકળગાયની ગતિએ ચાલતાં સમ્પનાં કાર્યને લીધે

# અમરેલીમાં એકાતરા પાણી વિતરણ કરવામાં વિલંબ

**એકવીસમી સદીનાં ટેકનોલોજી યુગમાં ઓવરહેડ ટેન્ક અને સમ્પ બનાવવામાં દોઢથી બે વર્ષ પસાર થયા**

**શહેરીજનોને નિયમિત પાણી આપવામાં છેલ્લા ૨૦ થી ૩૦ વર્ષથી થાય છે ઠાગાઠૈયા**

**પાલિકાનાં શાસકો બાંધકામ એજન્સી પાસે અકળ કારણોસર કામની ઝડપ કરાવતાં નથી**

**પાલિકા દ્વારા આગામી ૩ મહિના બાદ એકાતરા પાણી આપવાનું કહેવામાં આવે છે**

અમરેલી, તા. ૩

અમરેલીની સવાથી દોઢ લાખની જનસંખ્યાને છેલ્લા ૨૦ થી ૩૦ વર્ષથી નિયમિત પાણી મળે તેવી અપેક્ષા હોય પાલિકાનાં શાસકો ૩ થી ૪ દિવસે પાણી વિતરણ કરી રહ્યા છે.

અમરેલીનાં હિરકબાગમાં પાણીનો સમ્પ અને ઓવરહેડ ટેન્કબની થવાથી શહેરમાં એકાતરા પાણી વિતરણ શરૂ કરી દેવાશે. પરંતુ દોઢથી બે વર્ષથી કામગીરી ગોકળગાયની ગતિએ ચાલી રહી છે અને આગામી ૩ મહિના બાદ શહેરમાં દરરોજ નહી પરંતુ એકાતરા પાણી વિતરણ થઈ શકે તેમ છે.

અમરેલીનાં વરસડા—નાના માચીયાળા બાયપાસ નજીક વધુ એક ઓવરહેડ અને સમ્પની કામગીરી શરૂ કરવામાં આવી છે અને તે કામ એકાદ વર્ષમાં પૂર્ણ થાય તો શહેરીજનોનું વર્ષો જુની નિયમિત પાણી મેળવવાનું સપનું સાકાર થઈ શકે તેમ છે.

અમરેલીનાં શહેરીજનોને યુવા ધારાસભ્ય કૌશિક વેકરિયા પાસે દરરોજ પાણી મળે તેવી ભરપૂર અપેક્ષા હોય તેઓ આગામી ૩ વર્ષમાં શહેરીજનોને નિયમિત પાણી પહોંચાડે તો શહેરીજનોમાં તેઓની લોકપ્રિયતા શિખરે પહોંચશે તે કહેવું અસ્થાને નથી.

## બેન્કનાં ડીરેક્ટર પી.પી. સોજીત્રાની સુચનાથી કાર્યવાહી

# અમરેલી નાગરિક સહકારી બેન્ક દ્વારા ૮ બાકીદારો વિરૂઘ્ધ કોર્ટમાં ફરિયાદ

**બેન્કનાં અન્ય બાકીદારોમાં ફફડાટ ફેલાયો**

અમરેલી, તા. ૩

અમરેલી નાગરિક બેન્કનાં ડીરેકટર પી.પી. સોજીત્રાની સુચનાથી બેન્કનાં બાકીદારો વિરૂઘ્ધ ચીફ કોર્ટમાં ચેક રીટર્નની ફરિયાદ નોંધાવતાં બેન્કનાં અન્ય બાકીદારોમાં ફફડાટ ફેલાયો છે.

બેન્કનાં બાકીદાર હસનભાઈ બ્લોચ, કેતનભાઈ દેસાઈ, મહેબુબભાઈ ડબાવાલા, સતીષભાઈ ડોડીઆ, સરલાબેન સોલંકી, ભરતભાઈ ભુવા, અમજદભાઈ સોલંકી, ઈમરાનબીન શેખ વિરૂઘ્ધ વિવિધ રકમનાં ચેક રીટર્નની ફરિયાદ નોંધાયેલ છે.

## ભેંસાણનાં સાંકરોળા ગામનાં પ્રૌઢ સાથે

# વડિયામાં ગાયને બિસ્કિટ ખવડાવવા બાબતે માનવ ગૌરવ હણાય તેવું કૃત્ય થયું

**૩ ઈસમો વિરૂઘ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૩

ભેંસાણ તાલુકાના સાંકરોળ ા ગામે રહેતા દિનેશભાઈ રામજીભાઈ ચૌહાણ નામનાં પ્રૌઢ ગત તા. ૨૮ના રોજ રાત્રે ૯ વાગ્યા દરમ્યાન વડિયા બસસ્ટેશન પાસે ઉભા રહી બિસ્કિટ ખાતા હતા. ત્યારે બે બિસ્કિટ ત્યાં આડી સુતેલી ગાયને આપેલા હતા. આ દરમ્યાન જયલો નામનાં આરોપીએ આવી પ્રૌઢને કહેલ કે તે મારી ગાયને બિસ્કિટ ખવડાવી મારી નાખેલ છે અને તેમ પ્રૌઢનું નામઠામ પુછતા પ્રૌઢે પોતાની ઓળખ આપતા તેમને જ્ઞાતિ પ્રત્યે હડતુત કરી ઢીકાપાટુથી મુંઢ માર મારેલ. આ દરમ્યાન એક અજાણ્યો ઈસમ તથા રાજુભાઈ રાજ સ્ટુડીયાવાળ ાઆવી પ્રૌઢને ઢીકાપાટુથી મુંઢ માર મારી, ગાળો આપી આરોપીએ પ્રૌઢને ગાયના છાણ પાસે ઢસડી માનવ ગૌરવ હણાય તેવુ કૃત્ય કરી આ બનાવ બાબતેનો વિડીયો ઉતારી સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## કુલ ૪૦ ગુન્હાઓમાં કબ્જો કરવામાં આવ્યા બાદ

# બાબરા અને દામનગર પંથકમાંથી ઝડપાયેલ વિદેશી દારૂની ૨૪૦૦થી વધુ બોટલોનો નાશ કરાયો

**રૂપિયા ૫ લાખથી વધુ કિંમતનાં વિદેશી દારૂનો થયો નાશ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા—બાબરા

બાબરા, તા. ૩

બાબરા પોલીસ સ્ટેશનના કુલ—૩૬ ગુન્હાઓમાં પકડાયેલ અલગ અલગ બ્રાંડના પરપ્રાંતના ઈગ્લીશ દારૂની બોટલ નંગ— ૨૨૭૧ કિ. રૂ.૪,૬૯, ૫૫૦/—ના મુદામાલનો નાશ કરવા બાબરા કોર્ટ પાસેથી હુકમો મેળવી બાબરા મુકામે રાજકોટ હાઈવે રોડ નજીક પડતર ખરાબાની સરકારી જમીનમાં બાબરા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનના ગુન્હામાં પકડાયેલ અલગ અલગ બ્રાંડના પરપ્રાંતના ઈગ્લીશ દારૂની બોટલ તથા દામનગર પોલીસ સ્ટેશનના કુલ—૪ ગુન્હામાં પકડાયેલ અલગ અલગ બ્રાંડના પરપ્રાંતના ઈગ્લીશ દારૂની બોટલ નંગ—૧૫૧ કિ. રૂ. ૩૮૮૯૨/—નો સબ.ડી.વી. મેજીસ્ટ્રેટ લાઠી તથા વિભાગીય પોલીસ અધિકારી અમરેલી, તથા પ્રોહી એકસાઈઝ અમરેલીની કમીટીની રૂબરૂમાં પ્રોહી મુદામાલનો નાશ કરવામાં આવેલ છે.

## ધાણાનાં પાકમાં ઝેરી દવા છાંટતા હોય

# અમરેલીનાં લાલાવદર ગામનાં પ્રૌઢ શ્રમિકનું ઝેરી દવાની અસરથી મોત

**મૃતક મધ્યપ્રદેશનાં વતની હતા**

અમરેલી, તા. ૩

મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ અમરેલી તાલુકાના લાલાવદર ભુરાભાઈ ત્રિકમભાઈ કોરીયાની વાડીએ રહેતા કાંતિભાઈ સબસિંહ વાસ્કલ નામનાં ૪૬ વર્ષિય પરપ્રાંતિય પ્રૌઢ તા. ૨૩ના રોજ વાડીએ ધાણાના પાકમાં ઝેરી દવાનો છંટકાવ કરી અને હાથમાં તમાકું બનાવી ખાધેલ હોય. જેથી ઝેરી દવાની અસર થતા અમરેલીની ખાનગી દવાખાને સારવારઅર્થે દાખલ થતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.





જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર..........૨
CorelDraw, Photoshop, PageMaket-7,
તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨ : ૩૦ થી ૧ : ૩૦
અમરેલી એકસપ્રેસ
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફલોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.
:: સંપર્ક કરો ::
શ્રી જેરામભાઈ સોહેલીયા
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪



# ચલાલા : હરિબા મહિલા કોલેજ અને ગાયત્રી સંસ્કાર વિદ્યાલયની દીકરીઓએ પ્રાકૃતિક શિબિરનો લાભ લીધો



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા સંચાલિત હરિબા મહિલા કોલેજ અને ગાયત્રી સંસ્કાર વિદ્યાલયની ૨૨–૨૨ દીકરીઓને ચિખલ કુબા મુકામે પ્રકૃતિ શિબિરમાં લઈ ગયા હતા. જેમાં વિદ્યાર્થીઓને રહેવા જમવાની સુવિધા સાથે જંગલમાં ટ્રેકિંગ, જુદા જુદા પ્રાણીઓ, પક્ષીઓ અને વૃક્ષો વિષે જંગલ ખાતાના સાહેબોએ માહિતી આપી અને દીકરીઓએ ૩ દિવસ પ્રકૃતિનો ભરપુર આનંદ માણ્યો હતો. અને સમગ્ર વ્યવસ્થા જંગલખાતા દ્વારા વિના મુલ્યે કરવામાં આવી હતી. પુ.ડો. રતિદાદાએ બધાને આશીર્વાદ પાઠવ્યા હતા. તથા આ કાર્યક્રમમાં ડી. સી. એફ. રાજદીપસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ આર. એફ.ઓ. સીડા, ફોરેસ્ટર ભલગરીયા, ચાવડા, ખરાડીમેડમ, ભાવેશભાઈ ત્રિવેદી, મિલનભાઈ ભરાડ તેમજ ફોરેસ્ટર સ્ટાફે તથા શાળાના ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, આચાર્ય શીતલબેન મહેતા અને શાળા અને કોલેજના શિક્ષકોએ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

### પાલિકાનાં કોંગી નગર સેવકે પ્રાદેશિક પાલિકા કમિશનરને પત્ર પાઠવ્યો

## અમરેલી શહેરમાં ભુગર્ભ ગટરની સફાઈનાં નામે જનતાનાં પરસેવાનાં પૈસાની ઉઘાડી લૂંટ થતી હોવાનો આક્ષેપ

### રાજકીય આગેવાનોની મિલી ભગત એજન્સી સાથે હોવાનું પણ જણાવ્યું

અમરેલી, તા. ૩

અમરેલીનાં કોંગી નગર સેવક અશરફભાઈ રાઠોડે પાલિકાનાં પ્રાદેશિક કમિશનરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી નગરપાલિકા દ્વારા નવદુર્ગા એજન્સીને શહેરમાં આવેલ ભુગર્ભ ગટરના રખરખાવ, સફાઈ, રીપેરીંગ માટે રોકવામાં આવેલ છે. પરંતુ આ એજન્સી દ્વારા વ્યવસ્થિત કામ કરવામાં આવતુ ન હોય શહેરના નાગરીકોની ભુર્ગભ ગટર સફાઈની ફરીયાદોનો નિકાલ કરવામાં આવતો ન હોય તેમજ શહેરમાં અસંખ્ય જગ્યાએ ગટરના ઢાંકણા તુટી ગયેલા હોય જે નિયમિત બદલાવવામાં આવતા એજન્સીમાં રોકાયેલ સ્ટાફ કર્મચારી દ્વારા નાગરીકોને કે ચુંટાયેલા નગર સેવકોને યોગ્ય જવાબ આપવામાં આવતો ન હોય ભુગર્ભ ગટર સફાઈ હાલમાં ગંભીર સમસ્યા પાણી દરવાજા, દેરાસર પાસે હોય ગટરના પાણી રોડ ઉપર છેલ્લા એક અઠવાડીયાથી ફરી વળેલ હોય જયા સ્વામિનારાયણ મંદિર આવેલુ હોય તેમજ મસ્જીદ આવેલ હોય તેમજ જેશીંગપરાનો જાહેર રસ્તો આવેલો હોય છતા પણ આ ગંભીર પ્રશ્ન હલ કરવામાં આવતો નથી. એજન્સીના સ્ટાફને ફરીયાદ કરતાં તેઓનું કહેવુ છે કે ટ્રેકટર બંધ છે. સેફટી ફાયર છેલ્લા પંદરેક દિવસથી બંધ છે તેવા જવાબો આપવામાં આવી રહ્યા છે.



આ એજન્સી દ્વારા ગટર સફાઈ રેગ્યુલર કરવામાં ન આવતી હોય તો તે અંગે નગરપાલિકાના અધિકારીઓ યોગ્ય પગલા એજન્સી સામે શા માટે નથી લેતા ? તેઓના બીલો કેમ ચુકવી આપવામાં આવે છે ? આ એજન્સી સાથે સતા પક્ષના પદાધિકારીઓ અને પાલિકાના અધિકારીઓની મિલીભગત હોય જેથી કરીને સફાઈના નામે ગટરો રીપેરીંગના નામે મસમોટા બીલો બનાવીને ભાગ બટાઈ કરતા હોય તેવું જણાઈ રહ્યું છે. આપના લેવલેથી તપાસ કરવા અંતમાં માંગ કરેલ છે.

## દામનગરમાં આડેધડ કચરો ફેંકી ગંદકી ફેલાવવાનું બંધ કરો



સ્વસ્છતા અભિયાનમાં સહકાર આપવાની જરૂર છે. 'વિના સહકાર નહિ ઉધ્ધાર.' આ સૂત્રમાં એટલી બધી શકિત છે કે કોઈ પણ સારા કાર્યોમાં સફળતા મેળવવા માટે સહકાર જરૂરી હોય છે. સ્વસ્છતા અભિયાન માટે રેલીના આયોજન કરાય, ભીત સૂત્રો લખાય, પ્રચાર માધ્યમોમાં કરોડો રૂપિયાની જાહેરાત થાય, પાટિયામાં પેઈન્ટિંગ થાય, જાહેર રસ્તાઓમાં કચરા પેટી–ડસ્ટબીન મુકાય પણ જો આડેધડ કચરો ફેકી ગંદકી ફેલાવવામાં આવે તો રોગચાળો થઈ શકે..!! સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ દ્વારા સ્વચ્છતા માટે અથાગ પ્રયત્નો–પરિશ્રમ અને મહેનત કરવામાં આવે છે તેમાં નાગરિકે સહકાર આપવો જોઈએ..!! આ તસ્વીર પ્રાથમિક શાળા નંબર ૧ અને ર ની દીવાલને અડીને આવેલ પે એન્ડ યુઝ ટોયલેટ પાસેની છે.

### ૨૫૫ કર્મચારીઓને જુની પેન્શન યોજનાનો લાભ અપાવવા

## લીલીયા : નાયબ દંડક કૌશિક વેકરીયાને શિક્ષક પ્રતિનિધિ મંડળે રજુઆત કરી

### નાયબ દંડકે રાજ્ય સરકારમાં રજૂઆત કરી યોગ્ય કરવા ખાત્રી આપી



લીલીયા, તા. ૩

અમરેલી જિલ્લાના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગનું શિક્ષક પ્રતિનિધી મંડળના સભ્યો તા. ૧/૪/૨૦૦૫ સુધીમાં કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ મળી રહે તે માટે ગાંધીનગર ખાતે વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા અને શિક્ષણમંત્રી પ્રફુલ્લભાઈ પાનસુરીયાને મળી રજૂઆત કરી હતી કે ૨૦૦૫માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટેડ શાળાઓમાં ભરતીના ઈન્ટરયુ જિલ્લા લેવલે અનુકુળ સમયે કેમ્પ દ્વારા ગોઠવવામાં આવતા હતા. સંજોગો વસાત ટેકનીકલ કારણોસર એવું બન્યું છે કે એક શાળામાં છ વિષયની ભરતી હોય તો દાખલા તરીકે તા. ૨૯/૩/૨૦૦૫થી ઈન્ટરયુ પ્રક્રિયા તા. ૩/૪/૨૦૦૫ના રોજ પુરી થઈ હોય તો બે વિષયના શિક્ષકોને જૂની પેન્શન યોજનામાં જયારે ચાર વિષય શિક્ષકો તા. ૮/૧૧/૨૦૦૫ના રોજ પુરી થઈ હોય તે બે શિક્ષકોને જૂનિ પેન્શનમાં જયારે ચાર શિક્ષકો તા. ૮/૧૧/૨૪ના ઠરાવ સંદર્ભ ૦૪ મુજબ નવી પેન્શનમાં આવે છે. એક સાથે એક જ દિવસે શાળાની છ જગ્યાની વર્તમાન પત્રમાં જાહેરાત આવેલ હોવા છતાં ટેકનીકલ બાબતોના કારણે સમગ્ર રાજયમાંથી ૨૫૫ કર્મચારી અને અમરેલી જિલ્લામાંથી ૨૭ કર્મચારીઓને જૂની પેન્શનમાં સાચવવા માંગ કરી કરી હતી. આ તકે અનીરૂધભાઈ કોટડીયા, બિજલભાઈ બાંભણીયા, વિવેકભાઈ ડાંગરે રજૂઆત કરી હતી.

### ક્રાઈમ બ્રાન્ચનો સપાટો

## સાવરકુંડલામાં બાઈક ચોરી કરનારની અટકાયત કરાઈ

### કમાન્ડ કંટ્રોલ સેન્ટરની મદદ મળી



અમરેલી, તા. ૩

અમરેલી એલસીબી પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલબી. ટીમ દ્વારા અમરેલી જિલ્લામાં બનેલ મિલ્કત વિરૂધ્ધના ગુનાના આરોપીઓ અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ તથા અમરેલી નેત્રમ પ્રોજેકટ અંતર્ગત કમાન્ડ કંટ્રોલ સેન્ટરના સ્ટાફની મદદથી ચોરી થયેલ વાહનો અંગે સીસીટીવી ફુટેજો ચેક કરવામાં આવેલ જે અન્વયે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે ચોરીના મોટર સાયકલ સાથે અમરેલીના ફતેપુર રોડ, ગુજકો પાસે રહેતા અશ્વિન મધુભાઈ ગંગો નામના ઈસમને પકડી પાડી વાહન ચોરીના ગુનો ડીટેકટ કરવામાં એલસીબી ટીમને સફળતા મળેલ છે.

### અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની રજુઆત

## લીલીયા પંથકમાં એસએમસી એજયુકેશનનાં ઓડિટ દરમિયાન ઉઘરાણા થયાનો આક્ષેપ

### જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ તપાસ કરવા માંગ

અમરેલી, તા. ૩

લીલીયા તાલુકામાં ઓડીટ માટે બીઆરસી કો–ઓડીનેટર લીલીયા અભિષેકભાઈ ઠાકર અને સીઆરસી કો–ઓડીનેટર પ્રવીણભાઈ રાખસીયા દ્વારા દરેક આચાર્યઓ પાસેથી ઓડીટ ફી પેટે રૂપિયા સાતસોનું ઉચ્ચક ઉઘરાણું કરવામાં આવેલ છે. શિક્ષણમાં વેપાર આ ખૂબ જ અન્યાયકર્તા બાબત છે. અન્યાયકર્તા બાબતને સામે લાવીને જે બાબતે તપાસના અંતે કસૂરવાર હોય તેને જે નીતિ વિષયક નિયમોને આધીન કડકમાં કડક સજા થાય તાત્કાલિક આ બાબતે ઘટતી કાર્યવાહી કરાવશો. આ બાબતે એમ.એલ.એ. અને સાંસદને પણ લેખિત સ્વરૂપમાં ફરિયાદ કરવામાં આવેલ હોય ખૂબ જ નિષ્પક્ષ રીતે કોઈપણ પ્રકારના લાગભાગમાં કે દબાણમાં આવ્યા વગર તપાસ કરાવીને ઓફિસિયલ જાણ કરશો. અન્યથા દિન – ૨માં મારે ના છૂટકે મીડિયા દ્વારા પ્રચાર પ્રસાર કરવાની કાર્યવાહી કરવી પડશે. તેમ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘનાં મહામંત્રી મહેન્દ્રભાઈ કાવઠીયાએ ડીડીઓને પત્ર પાઠવીને રજુઆત કરેલ છે.

### સુમન સેવા ટ્રસ્ટ દ્વારા

## અમરેલી ખાતે આગામી રવિવારે સર્વજ્ઞાતી સમૂહ લગ્નોત્સવ યોજાશે

### કેબિનેટ મંત્રી પરશોતમભાઈ સોલંકી ઉપસ્થિત રહેશે

અમરેલી, તા. ૩

અમરેલી ખાતે સુમન સેવા ટ્રસ્ટ અમરેલી દ્વારા ૩૩મો સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન તા. ૮/૧૨/૨૪ના રોજ કેબિનેટ મંત્રી પરશોતમભાઈ સોલંકીના પ્રમુખ સ્થાને આયોજન કરવામાં આવેલ છે. ભુપતભાઈ એમ. ડાભી તથા જ્ઞાતિઓના મંડળ પ્રમુખ હોદેદારો હાજરી આપશે આ સમૂહ લગ્નને સફળ બનાવવા ટ્રસ્ટ પ્રમુખ રમેશભાઈ એસ. ગોહીલ પરશોતમભાઈ એન. મકવાણા સવજીભાઈ ડી. ડાભી, રમેશભાઈ આર. ડાભી, ચિતલ ભીખુભાઈ મકવાણા, શ્રીમતી રતનકેન આર. બલદાણીયા, રાજુભાઈ એસ. પરમાર જહેમત ઉઠાવી રહ્યા છે.

# અમરેલી : ગજેરા કેમ્પસના ખેલાડીઓએ રાજયકક્ષાની SGFI જુડો ચેમ્પિયનશિપમાં ગોલ્ડ, સિલ્વર, બ્રોન્ઝ સાથે ૯–મેડલ મેળવ્યા



અમરેલી અખિલ ભારતીય શાળાકીય રમોત્સવ કનાય–૨૦૨૪માં રાજયકક્ષા જુડો ચેમ્પિયનશિપ અંડર–૧૭ બહેનો તેમજ અંડર–૧૯ ભાઈઓ–બહેનો જુડો સ્પર્ધાનું આયોજન ૨૬ થી ૨૯ નવેમ્બરના રોજ દેવગઢ બારીયા દાહોદ મુકામે યોજાય હતી જેમાં સ્ટેટની વિવિધ શાળાઓના રમતવીરોએ પાર્ટિસિપેશન કરેલ હતું તેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શાળાના ખેલાડીઓએ ખુબ જ સારી સિદ્ધિઓ સાથે ૯–મેડલ મેળવ્યા જેમાં (૧) ધાંધલ વિધિ ૩૬ કેજી ગોલ્ડ મેડલ યુ–૧૭ (૨) મકવાણા હાર્દિક ૪૦કેજી ગોલ્ડ મેડલ યુ–૧૯, (૩) રાદડિયા પલ ૯૦ કેજી ગોલ્ડ મેડલ યુ–૧૯ (૪) નંદવાણા રવિરાજ ૪૫કેજી ગોલ્ડ મેડલ, (૫) કથીરિયા જસ્મીન ૯૦ કેજી સિલ્વર મેડલ યુ–૧૯ (૬) જતાપરા જાનવી ૫૭ કેજી બ્રોન્ઝ મેડલ યુ–૧૭, (૭) જેઠવા સુખદેવ ૫૫કેજી બ્રોન્ઝ મેડલ યુ–૧૯, (૮) પટણી અરમાન ૬૦ કેજી બ્રોન્ઝ મેડલ યુ–૧૯, (૯) મકવાણા આરદીપ ૬૬કેજી બ્રોન્ઝ મેડલ યુ–૧૯ મેળવેલ. વિદ્યાર્થીઓનું સતત મૂલ્યાંકન કરી શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરવાનો લક્ષ, અનુભવી તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓને રમત–ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તે બદલ સંસ્થાના ડાયરેકટર વસંતભાઈ પેથાણી દ્વારા ખેલાડીઓને અને કોચ ધુવરાજસિંહ ગોહિલ તેમજ ટ્રેનર અલ્પાબેન વાઢેરને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# અમરેલી જિલ્લામાં સર્વોદય મહિલા ઉદ્યોગ મંડળ દ્વારા એચઆઈવી અવેરનેસ કાર્યક્રમ યોજાયો



૧ ડિસેમ્બર વિશ્વ એઈડ્સ દિવસ નિમિત્તે સર્વોદય મહિલા ઉદ્યોગ મંડળ એલડબલ્યુએસ સ્ટાફ દ્વારા અલગ અલગ તાલુકા ના ગામોમાં એચઆઈવી અવેરનેસના કાર્યક્રમ કરવામાં આવ્યા, જયાં પોસ્ટર પ્રદર્શન, રેલી, આઈઈસી મટીરીયલ વિતરણ, તેમજ રેડ રીબીન દ્વારા (Take the rights path) થીમ અંતર્ગત એચઆઈવીઅવેરનેસના સંદેશ પાઠવામાં આવ્યો હતો. તેનો અર્થ એચ.આઇ.વી. સાથે જીવતા લોકોના માનવ અધિકારોના સંરક્ષણ થકી કલંક અને ભેદભાવ મુક્ત સમાજ બનાવીએ.

### સમસ્ત રાજવી બસિયા પરિવાર દ્વારા

## ગોંડલનાં ધૂડશિયા ખાતે આયોજિત શ્રીમદ્ દેવી ભાગવત સપ્તાહમાં દિલીપ સંઘાણીનું સન્માન

### વ્યાસપીઠ પરથી પ.પૂ. કનકેશ્વરી કથાનું કરાવે છે રસપાન

બાબરા, તા. ૩

ધૂડશિયા ખાતે સમસ્ત રાજવીબસિયાપરિવારદ્વારાઆયોજિત શ્રીમદદેવિભાગવતકથાયજ્ઞમાંરાજયના પૂર્વકેબિનેટપ્રધાનદિલીપભાઈસંઘાણીનું ભવ્યસન્માનકરાયું.

ગોંડલ તાલુકાના ધુડશિયા ખાતે સમસ્ત રાજવી બસિયા પરિવાર દ્વારા કુળદેવી ચામુંડા માતાજીના સાનિધ્યમાં ભવ્ય અને દિવ્ય શ્રીમદ્ દેવિભાગવતકથાજ્ઞાનયજ્ઞનુંઆયોજન કરવામાં આવ્યું છે.

કથાના વ્યાસપીઠે પરમ પૂજય કનકેરી માતાજી બિરાજી કથાનું રસપાન કરાવી રહ્યા છે.

અહીં આયોજિત શ્રીમદ દેવિભાગવતમાં રાજયના પૂર્વ કેબિનેટ પ્રધાન ગુજકોમાંસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણી ઉપસ્થિત રહી કથાનું શ્રવણ કર્યુ હતું.

આ તકે જિલ્લા ભાજપના મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા તેમજ બસિયા પરિવારના પ્રમુખ રામભાઈ બસિયા તેમજ સ્થાનિક અગ્રણીઓ અને પરિવારના વડીલો ઉપસ્થિત રહ્યા હતાં.

આ તકે બસિયા પરિવારના અગ્રણીઓ દ્વારા રાજયના સહકારી અગ્રણી દિલીપભાઈ સંઘાણીનું રૂડું સન્માન કરવામાં આવ્યું હતું.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

### શહેરીજનોને પીવાના પાણી માટે વલખા મારવા પડે તેવી સ્થિતિ

## લ્યો બોલો : જાફરાબાદનાં સામાકાંઠાનાં અનેક વિસ્તારોમાં ૮ થી ૧૦ દિવસે પાણી વિતરણ થતાં રોષ

### વિકાસની ગુલબાંગો વચ્ચે હવે તો પાણી મળવું પણ મુશ્કેલ બન્યું

જાફરાબાદ, તા. ૩

જાફરાબાદ ના સામાકાંઠા અમુક વિસ્તારોમાં આઠ-આઠ દિવસો સુધીજીવનજરૂરીપાણીમળતુંનથી. પાણી બાબતે ફોન કરો તો વિતરણ કરે નહીંતો એની મરજી આઠ દિવસ થવા છતાં પણ પાલિકા તંત્ર કરે છે. આંખ આડા કાન, જાફરાબાદના સામાકાંઠે આવેલ અનેક વિસ્તારોમાંઘણાસમયથીપીવાનાપાણી માટે લોકો વલખાં મારી રહ્યા હોય પરંતુ જવાબદાર પાલિકાદ્વારા આઠ દિવસે પણ પાણીવિતરણકરવામાંઆવતુંનથીલોકો મુશ્કેલીઓ વેઠી રહ્યા છે. નલસે જળ યોજનાનો ઉલાળીયો કરતી પાલિકા હાલમાંલોકો નળ ન આવતા લોકો નાછુટકે ૨૦૦થી ૩૦૦ ખચે કરી પાણીના ટાંકા મંગાવી રહ્યા છે. પાલિકાને નાગરિકો પાણી વેરો આપવા છતાં પણ જીવન જરૂરિયાતપાણીમળતુંનથી. હાલ ૧૫થી ૨૦ દિવસ થવા છતાં પાણી વિતરણ કરવામાં આવતું નથી. પાલિકાની અણઆવડતના કારણે લોકોમાં રોષ ભભુકી રહ્યોં છે. સામાકાંઠાના ઘણાખરા વિસ્તારોમાંઆઠદિવસેમળતુંપાણી ૧૫ થી ૨૦ દિવસ સુધી મળતું નથી. નગરપાલિકા વેરો વસૂલે તે મુજબ કામ નથીકરતી. સામાકાંઠાવિસ્તારનાદરેકવોર્ડ સમસ્યાઓથીસબડેછે. ટેકસભરીનેપણ જીવનજરૂરિયાતપાણીતથાકાદવકીચડ ને ગટરના ગંધાતા પાણી વચ્ચે જીવવું પડે છે. અનેકસમસ્યાઓવેરોભરવાછતાંહલ થતીનથી. આ બાબતે ભાવનગર નિયામક કચેરી તથા જિલ્લા કલેકટર સમસ્યાનો અભ્યાસ કરી નિકાલ કરાવે તેવી સામાકાંઠાવિસ્તારોના રહીશોમાંથીમાંગ ઉઠી છે.








### ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઈન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...

(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર

હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪














# બગસરા ખાતે ૭૧માં સહકાર સપ્તાહની ઉજવણી કરાઈ



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા નાગરિક શરાફી સહકારીમંડળીનીબોર્ડમીટીંગ. ૭૧માં સહકાર સપ્તાહની ઉજવણી તેમજ તાજેતરમાબગસરામામલતદારતરીકે નિમણુંક પામેલા પ્રશાંભાઈ ભીંડીનો સન્માન સમારોહના ત્રિવીધ કાર્યક્રમ મંડળીનાચેરમેન રનિભાઈ ડોડીઆના અધ્યક્ષસ્થાનેયોજાયેલ. આ સમારોહમા મંડળીને સહકારથી સમૃધ્ધીના શૂત્રને સાથે રાખી મંડળીને પ્રગતી તરફના નિર્ણયો લેવામા આવેલ. તેમજ ૭૧ માં અખીલ ભારતીય સહકાર સપ્તાહની ઉજવણી કરવામાઆવેલ. જેમાસહકારી ધ્વજનેસલામીઆપવામાઆવેલતેમજ તાજેતરમા મામલતદાર તરીકે નિમણુંક પામેલા પ્રશાંતભાઈ ભીંડીનું અદકેરૂ સન્માન કરવામા આવેલ. આ તકે મંડળીના તજજ્ઞ ડીરેકટર શરદભાઈ લાખાણીએમંડળીનીપ્રગતીનેબિરદાવેલ. આ મીટીંગમાં મંડળીની વિવિધ શાખા અમદાવાદવિનુભાઈરાદડીયા, વડોદરા મનોજભાઈબોરડ, બગસરામહેશભાઈ વ્યાસ, લીલીયા પરીનભાઈ રાજપુરા, અમરેલી તનસુખભાઈ ઠાકર, રાજકોટ અરવિંદભાઈ નાગ્રેચા સહિતના બોર્ડના સદસ્યો. તમામ શાખાના એડવાઈઝરી બોર્ડ સદસ્યો. આમંત્રીત સહકારી આગેવાનો ઉપસ્થિત રહેલ. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મંડળીના જનરલએમડીનિતેષ ડોડીઆ. જનરલ સેક્રેટરી ડી.જી. મહેતા દ્વારા કરવામાં આવેલ.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલ પંજાબના ચંડીગઢની મુલાકાતે

# હવે ગરીબો કોર્ટ-કચેરીમાં પગ મૂકતાં ગભરાશે નહીં, સમય પર મળશે ન્યાયઃ PM મોદી

**દેશના નાગરિકોએ આપણા બંધારણમાં જે કલ્પના કરી હતી, તેને પૂરા કરવાનો આ ચોક્કસ પ્રયાસ છે. હું હંમેશા સાંભળતો આવ્યો છું કે, કાયદાની નજરમાં બધા સમાન હોય છે, પરંતુ વ્યવહારિક સત્ય કંઈક અલગ જ હોય છે**

ચંડીગઢ,તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલ પંજાબના ચંડીગઢની મુલાકાતે છે. અહીં તેમણે ત્રણ નવા ફોજદારી કાયદાના સફળ અમલીકરણના લોકાર્પણ પ્રસંગે નાગરિકોને સંબોધન કર્યું હતું. આ દરમિયાન તેમણે કહ્યું કે, 'વર્તમાન સમયમાં દેશ વિકસિત ભારતના સંકલ્પ સાથે આગળ વધી રહ્યો છે અને બંધારણના ૭૫ વર્ષ પણ પૂરા થયા છે, ત્યારે હાલના સમયમાં બંધારણની ભાવનાથી પ્રેરિત 'ભારતીય ન્યાયિક સંહિતા'નો પ્રારંભ થવો, બહુ મોટી વાત છે. હવે ગરીબો કોર્ટ-કચેરીમાં પગ મૂકતાં ગભરાશે નહીં, સમય પર ન્યાય મળશે.'

તેમણે કહ્યું કે, 'અગાઉના સમયમાં ગુનેગારો કરતા નિર્દોષોમાં વધુ ડર રહેતો હતો. અનેક મહત્ત્વના કાયદાઓ ચર્ચાથી દૂર રખાયા હતા. દેશમાં કલમ-૩૭૦, ત્રિપલ તલાક પર ઘણી ચર્ચા થઈ અને હવે વક્ફ સંશોધન વિધેયક પર ચર્ચા થઈ રહી છે. દેશના નાગરિકોએ આપણા બંધારણમાં જે કલ્પના કરી હતી, તેને પૂરા કરવાનો આ ચોક્કસ પ્રયાસ છે. હું હંમેશા સાંભળતો આવ્યો છું કે, કાયદાની નજરમાં બધા સમાન હોય છે, પરંતુ વ્યવહારિક સત્ય કંઈક અલગ જ હોય છે. કાયદો તમામ પેઢી પ્રત્યેની સંવેદનાઓથી પરિપૂર્ણ છે. તેમણે કહ્યું કે, 'દેશની આઝાદી પછીના સાત દાયકામાં ન્યાય વ્યવસ્થા સામે પડકારો હતા, જેના પર અમે ઊંડાણપૂર્વક ચર્ચા કરી. અમે તમામ કાયદાની વ્યવહારિક સ્થિતિ જોયાબાદ તેમાં ફેરફાર કરી તેને કડક બનાવ્યા અને હવે તેનું પરિણામ ભારતીય ન્યાયિક સંહિતાના રૂપે આપણી સામે આવ્યું છે. હું આ માટે સુપ્રીમ કોર્ટ, માનનીય ન્યાયાધીશો, દેશની તમામ હાઈકોર્ટોનો વિશેષ આભાર વ્યક્ત કરું છું.' તેમણે વધુમાં કહ્યું કે, 'અનેક દાયકાઓની ગુલામી બાદ આપણો દેશ ૧૯૪૭માં આઝાદ થયો. અનેક પેઢીઓએ રાહ જોયા બાદ, લોકોના બલિદાન બાદ આઝાદીની સવાર પડી. તે વખતે લોકોમાં કેવા સ્વપ્નો હતા, દેશમાં કેવો ઉત્સાહ હતો. દેશવાસીઓએ વિચાર્યું હતું કે, અંગ્રેજો ગયા છે, તો અંગ્રેજી કાયદાઓમાંથી પણ મુક્તી મળશે. અંગ્રેજો આ કાયદાના માધ્યમથી અત્યાચાર અને શોષણ કરતા હતા. આ કાયદા ત્યારે બનાવવામાં આવ્યા હતા જ્યારે બ્રિટિશ સરકાર ભારત પર પોતાનો દબદબો જાળવી રાખવા કંઈ પણ કરવા તૈયાર હતી.

વડાપ્રધાને કહ્યું કે, હવે મહિલાઓ સામે દુષ્કર્મ જેવા જઘન્ય અપરાધોમાં પહેલી સુનાવણીના ૬૦ દિવસની અંદર આરોપ ઘડવો જ પડશે. સુનાવણી શરૂ થયાના ૪૫ દિવસમાં ચુકાદો આપવાનું પણ ફરજિયાત કરાયું છે. એ પણ નક્કી કરાયું છે કે, કોઈપણ કેસની સુનાવણી બે વખતથી વધુ મુલતવી રખાશે નહીં. ભારતીય ન્યાયિક સંહિતાના મૂળ મંત્ર નાગરિકોની પ્રાથમિકતા છે. આ કાયદાઓ પ્રજાના અધિકારોના રક્ષક બની રહ્યા છે અને ન્યાયની પહોંચની સુવિધા આપે છે. પહેલા FIR નોંધવી ઘણી મુશ્કેલ હતી, પરંતુ હવે શૂન્ય એફઆઈઆરને પણ કાનૂની સ્વરૂપ અપાયું છે. હવે ગમે ત્યાંથી કેસ દાખલ કરવાની સુવિધા મળી છે. એફઆઈઆરની નકલ પીડિતને મળવી જોઈએ, તેઓ અધિકાર અપાયો છે. હવે આરોપી વિરુદ્ધનો કેસ પડતો મૂકવો હોય તો પીડિતાની સંમતિ મળે, ત્યારે જ પડતો મૂકાશે. આ ઉપરાંત પોલીસ પોતાની ઈચ્છા મુજબ કોઈપણ વ્યક્તિને અટકાયતમાં લઈ શકશે નહીં.

તેમણે કહ્યું કે, 'જો કોઈ રસ્તા પર અકસ્માતનો ભોગ બને તો લોકો તેની મદદ કરતા પણ ડરતા હતા. તેમને લાગે છે કે, તેઓ આ ઝંઝટમાં ફસાઈ જશે, જોકે હવે આવી મદદ કરનારા લોકો આવી ઝંઝટમાંથી મુક્ત થઈ ગયા છે. બ્રિટિશ શાસનના ૧૫૦૦થી વધુ જૂના કાયદાઓ નાબૂદ કરાયા છે. જ્યારે કલમ ૩૭૦ અને ટ્રિપલ તલાકને નાબૂદ કરાઈ ત્યારે ઘણી ચર્ચા થઈ હતી. આ દિવસોમાં વકફ બોર્ડ સાથે જોડાયેલા કાયદા પર ચર્ચા ચાલી રહી છે. આપણે તે કાયદાઓને સમાન મહત્વ આપવું જોઈએ જે નાગરિકોના ગૌરવ અને આત્મસન્માનને વધારવા માટે બનાવવામાં આવે છે.'પીએમ મોદીએ કહ્યું કે, 'ચંદીગઢમાં વાહન ચોરીના મામલામાં કેસ નોંધાયા બાદ કોર્ટે માત્ર બે મહિના અને ૧૧ દિવસમાં સજા સંભળાવી અને તેને સજા પણ મળી ગઈ. અશાંતિ ફેલાવનાર અન્ય એક આરોપીને પણ માત્ર ૨૦ દિવસમાં સંપૂર્ણ સુનાવણી બાદ કોર્ટમાં સજા ફટકારાઈ હતી. દિલ્હીમાં પણ એક કેસમાં એફઆઈઆરથી નિર્ણય લેવામાં માત્ર ૬૦ દિવસનો સમય લાગ્યો હતો. આરોપીને ૨૦ વર્ષની સજા ફટકારાઈ હતી. બિહારના છપરામાં એક હત્યા કેસમાં FIRથી ચુકાદો આવવામાં માત્ર ૧૪ દિવસનો સમય લાગ્યો હતો અને આરોપીઓને આજીવન કેદની સજા જાહેર કરાઈ હતી. આ નિર્ણય ન્યાયિક સંહિતાની તાકાત અને અસર દર્શાવે છે.

### ટ્રમ્પે શપથગ્રહણ પહેલા જ પોતાના તેવર બતાવવાનું શરૂ કરી દીધું છે

# મધ્ય-પૂર્વમાં તબાહી લાવી દઈશઃ ડોનાલ્ડ ટ્રમ્પે શપથ લેતા પહેલા આપી ધમકી

**અમેરિકાના ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મધ્ય પૂર્વમાં ચાલી રહેલા બંધક સંકટને લઈને હમાસને કડક ચેતવણી આપી**

વોશિંગ્ટન,તા.૩

અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શપથગ્રહણ પહેલા જ પોતાના તેવર બતાવવાનું શરૂ કરી દીધું છે. ડોનાલ્ડ ટ્રમ્પે પેલેસ્ટિનિયન ગ્રુપ હમાસને સીધી ધમકી આપી છે અને તેમણે કહ્યું કે, જો તેમના શપથગ્રહણ પહેલા ઈઝરાયેલના બંધકોને છોડવામાં નહીં આવે તો તેઓ મધ્ય પૂર્વમાં તબાહી લાવશે. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા વિવાદ પર બોલતા ટ્રમ્પે કહ્યું કે, જો ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ પહેલા બંધકોને છોડવામાં નહીં આવે તો મિડલ ઈસ્ટને ભારે કિંમત ચૂકવવી પડશે. હકીકતમાં, ટ્રમ્પ ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ અમેરિકી પ્રમુખ પદ સંભાળશે.

ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ પર કહ્યું કે, જેણે માનવતા વિરુદ્ધ અત્યાચાર કર્યા છે તેમને ભારે કિંમત ચૂકવવી પડશે. ટ્રમ્પે હમાસ દ્વારા ઈઝરાયેલના નાગરિકોને બંધક બનાવવાને હિંસક અને અમાનવીય ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે, દરેક વ્યક્તિ એવા બંધકો વિશે વાત કરી રહી છે જેમને ખૂબ જ હિંસક, અમાનવીય રીતે અને સમગ્ર વિશ્વની ઈચ્છા વિરુદ્ધ રાખવામાં આવી રહ્યા છે. ટ્રમ્પે આ મામલે અગાઉની વાટાઘાટોની ટીકા કરી હતી અને દાવો કર્યો હતો કે, બંધકોને લઈને ઘણી વાતો થઈ હતી પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી.

ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, બંધક બનાવવા માટે જવાબદાર લોકો સામે યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા વિદેશી સંસ્થાઓ સામે અગાઉની કોઈપણ કાર્યવાહી કરતાં મોટી ક્ષમતામાં કાર્યવાહી કરવામાં આવશે. બંધકોને હવે મુક્ત કરો. નહીંતર એવો હુમલો થશે જેની તેઓ કલ્પના પણ નહીં કરી શકે.

ઉલ્લેખનીય છે કે, ૭ ઓક્ટોબરે હમાસે ઈઝરાયેલ પર મોટો હુમલો કર્યો હતો. ૧,૨૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા અને ૨૫૦થી વધુ લોકોને બંધક બનાવવામાં આવ્યા હતા. તેમાંથી લગભગ ૧૦૦ હજુ પણ કેદમાં છે અને ઘણાના મૃત્યુની આશંકા છે. જવાબમાં, ઈઝરાયેલે ગાઝામાં હમાસના ઠેકાણાઓને નિશાન બનાવીને વળતો હુમલો કર્યો. ગાઝામાં ઈઝરાયેલના હુમલામાં ૪૫,૦૦૦થી વધુ પેલેસ્ટિનિયનો માર્યા ગયા

### સંઘ પ્રમુખનું નિવેદન રાષ્ટ્રીય હિતમાં જ હશેઃ ભાજપ સાંસદ

# વસતિવધારા અંગે મોહન ભાગવતના નિવેદનથી રાજકીય પક્ષોમાં ચર્ચા છેડાઇ

**આવા નિવેદન રાજકીય એજન્ડા અંતર્ગત આવે છે અને લોકોએ તેની કિંમત ચૂકવવી પડે છે : સાંસદ ચંદ્રશેખર**

નવી દિલ્હી, તા.૩

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ)ના વડા મોહન ભાગવતે રવિવારે ભારતના ઘટી રહેલા પ્રજનન દર અને તેના કારણે ઘટી રહેલી વસ્તીની સંખ્યાને ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેના એક દિવસ પછી સોમવારે ભાજપે સોમવારે ભાગવતની ટિપ્પણીનું સ્વાગત કર્યું છે. જ્યારે વિપક્ષોએ સવાલ કર્યો છે કે, ''વધી રહેલી વસ્તીની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે સંસાધનો કયાંથી આવશે. ખાદ્ય સામગ્રીની કિંમતો ઉચ્ચસ્તર પર છે, અને સરકાર લોકો માટે રોજગારીની તકો પેદા કરવામાં નિષ્ફળ રહી છે.'' રવિવારે નાગપુરમાં એક કાર્યક્રમમાં મોહન ભાગવતે પરિવારોની મહત્વપૂર્ણ ભૂમિકા પર વાત કરીને ચેતવણી આપી કે ''પોપ્યુલેશન સાયન્સ અનુસાર જો કોઈ પણ સમાજનો કુલ પ્રજનન દર ૨.૧ ટકાથી નીચે આવે છે, તો એ સમાજ લુપ્ત થઈ જાય છે. એટલા માટે જ્યારે અમે ૨.૧ કહીએ છીએ, તો તેનો અર્થ છે કે આ દર વધુ હોવો જોઈએ, ઓછામાં ઓછો ત્રણ બાળકો. પોપ્યુલેશન સાયન્સ પણ આજ કહે છે.'' મોહન ભાગવતની ટિપ્પણી અંગેના પ્રશ્નના જવાબમાં ભાજપના સાંસદ નેતા મનોજ તિવારીએ કહ્યું કે, ''મોહન ભાગવતજીએ કંઈ પણ કહ્યું છે તો એ નિશ્ચિત પણે રાષ્ટ્રીય હિતમાં હશે. એટલા માટે તેમના વાત વિશે હકારાત્મક વિશ્લેષણ કરવું જોઈએ.'' જ્યારે મેરઠના ભાજપના સાંસદ અરુણ ગોવિલે એમ કહ્યું કે, ''ભાગવત - એક પરિવક્વ વ્યક્તિ છે,

જો ભાગવતજીએ નિવેદન આપ્યું છે તો એ દેશના હિતમાં છે અને એ યોગ્ય જ હશે.''વિપક્ષના સાંસદોમાંથી કટિહારના કોંગ્રેસના સાંસદ તારિક અનવરે પ્રશ્ન ઉઠાવીને કહ્યું કે, 'ભાગવતની ટિપ્પણી વસ્તીના મુદ્દા પર ભાજપના નેતાઓની વાતથી વિપરિત છે. ભાગવત જે કહી રહ્યા છે એ વિરોધાભાસી છે, કારણ કે ભાજપના નેતાઓ એમ કહી રહ્યા છે કે વસ્તીનું નિયંત્રણ થવું જોઈએ.''આઝાદ સમાજ પાર્ટી(કાંશીરામ)ના સાંસદ ચંદ્રશેખરે કહ્યું કે, ''વધી રહેલી વસ્તીના આધાર આપવા માટે વધારાના સંસાધનો કયાંથી આવશે. આવા નિવેદન રાજકીય એજન્ડા અંતર્ગત આવે છે અને લોકોએ તેની કિંમત ચૂકવવી પડે છે.''કોંગ્રેસના સાંસદ રેણુકા ચૌધરીએ જણાવ્યું કે, ''હું મોહન ભાગવતજીનું સન્માન કરું છું, પરંતુ તેમને બાળકોના પાલન-પોષણનો શું અનુભવ છે? લોકોને વધારે બાળકોની જરુરિયાત શું છે?''

### તા.૬ અને તા.૭ ડિસેમ્બર બે દિવસ કાર્યક્રમ યોજાશે

# શુક્રવારે CM ભૂપેન્દ્ર પટેલ દાંતીવાડાથી રાજ્યવ્યાપી રવિ કૃષિ મહોત્સવ ૨૦૨૪નો પ્રારંભ કરાવશે

**તાલુકા મથકના કાર્યક્રમોનો ગુજરાત સરકારના મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો સહિતના વિવિધ પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ શુભારંભ કરાવશે**

ગાંધીનગર,તા.૩

ગુજરાતના ખેડૂતોને પ્રવર્તમાન સમયને અનુરૂપ કૃષિ પદ્ધતિઓ, ટેકનોલોજી અને નવતર અભિગમોથી પરિચિત કરાવવાના શુભ આશય સાથે રાજ્ય સરકાર દ્વારા આગમી તા. ૬ અને ૭ ડિસેમ્બરના રોજ ''રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪''નું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રી રાઘવજી પટેલ બનાસકાંઠા જિલ્લાની દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતેથી ''રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪''નો રાજ્યવ્યાપી શુભારંભ કરાવશે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું હતું કે, આગામી તા. ૬ અને ૭ ડિસેમ્બર દરમિયાન રાજ્યભરના ૨૪૬ તાલુકા મથકોએ તાલુકા સ્તરનો રવિ કૃષિ મહોત્સવ યોજાશે. તાલુકા મથકના કાર્યક્રમોનો ગુજરાત સરકારના મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો સહિતના વિવિધ પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ શુભારંભ કરાવશે. આ રવિ કૃષિ મહોત્સવમાં ગુજરાતના ૨.૫ લાખથી વધુ ખેડૂતો ભાગ લેશે. તેમણે જણાવ્યું કે, કૃષિ વૈજ્ઞાનિકો અને તજજ્ઞો ખેડૂતો સાથે સીધો વાર્તાલાપ કરી શકે, તેમની સમસ્યાનું નિવારણ લાવી શકે, યોગ્ય માર્ગદર્શન પૂરું પાડી શકે, નવી ખેત પદ્ધતિઓથી અવગત કરી શકે તેમજ ખેડૂતોની સમસ્યાઓને આધારે સંશોધનો કરી શકે તેવા શુભ આશય સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૫માં કૃષિ મહોત્સવની નવી પરંપરા શરુ કરી હતી. કૃષિ ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે શરુ થયેલી આ પરંપરાને સુપેરે આગળ ધપાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા ''રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪''નું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમ અંગે વિસ્તૃત સમજ આપતા કૃષિ મંત્રીએ કહ્યું કે, આ બે દિવસીય મહોત્સવમાં વિવિધ ટેક્નીકલ માર્ગદર્શન સેમીનાર, પ્રાકૃતિક ખેતીનું નિદર્શન, આધુનિક કૃષિ ટેકનોલોજીનું નિદર્શન-પ્રદર્શન, પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મની મુલાકાત અને પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સાથો-સાથ રાજ્યના પ્રગતીશીલ ખેડૂતોને સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર તથા આત્મા બેસ્ટ ફાર્મરના એવોર્ડ પણ આ કાર્યક્રમ દરમિયાન એનાયત કરવામાં આવશે.

આ ઉપરાંત કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા પ્રાકૃતિક અને સસ્ટેનેબલ ફાર્મિંગ, ખેતી અને બાગાયતી પાકોમાં મૂલ્યવર્ધન, બાગાયતી પાકો સાથે મિક્સ ફાર્મિંગ, પ્રાકૃતિક ખેતી, પ્રીસીઝન ફાર્મિંગ, કૃષિ અને બાગાયતી પાકોમાં આધુનિક તાંત્રિકતા વિશે માર્ગદર્શન, મિલેટ પાકોમાં મૂલ્યવર્ધન, સફળ પશુપાલન જેવા વિવિધ વિષયો ઉપર ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવશે. સાથે જ, ખેડૂતોને સબંધિત વિસ્તારમાં થતા પાકો અંગે માર્ગદર્શન તથા તેમના પ્રશ્નોનું નિરાકરણ આપવાનું પણ રાજ્ય સરકારે આયોજન કર્યું છે. આ બે દિવસીય મહોત્સવમાં ગુજરાતને કૃષિ ક્ષેત્રે નંબર-૧ બનાવવા માટે ચિંતન અને વિવિધ પ્રયાસો કરવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યુ હતું.

### શિયાળાને લીધે માંગ ઘટવાનું કારણ

# બાંગ્લાદેશે અદાણી પાસેથી વીજળીની ખરીદી અડધી કરી

**બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાના કાર્યકાળમાં અદાણી પાવરે ૨૦૧૭માં કરાર પર હસ્તાક્ષર કર્યા હતા**

ઢાંકા, તા.૩

બાંગ્લાદેશે અદાણી પાવર પાસેથી આયાત લગભગ પચાસ ટકા ઘટાડી દીધી છે. બાંગ્લાદેશે લાખો ડોલરની ચુકવણી બાકી હોવાના હાલ ચાલતા વિવાદ અને શિયાળાને કારણે ઘટેલી માંગનું કારણ આપી આયાતમાં ઘટાડો કર્યો છે. અદાણી પાવરે પેમેન્ટમાં વિલંબને કારણે બાંગ્લાદેશના વીજ પુરવઠામાં ઘટાડો કર્યો હતો. જેની શરૂઆત ૩૧ ઓક્ટોબરથી થઈ હતી. એ વખતે બાંગ્લાદેશે અદાણી પાવરને માત્ર ૫૦ ટકા વીજ સપ્લાય ચાલુ રાખવા જણાવ્યું હતું. બાંગ્લાદેશ પાવર ડેવલપમેન્ટ બોર્ડ (બીપીડીબી)ના ચેરપર્સન મોહમ્મદ રેઝૌલ કરીમે જણાવ્યું હતું કે, ''તેમણે વીજ પુરવઠામાં ઘટાડો કર્યો ત્યારે અમે આંચકો અને રોષ અનુભવ્યા હતા. હવે શિયાળાને કારણે વીજળીની માંગ ઘટી હોવાથી અમે તેમને પ્લાન્ટના બંને એકમ ચાલુ રાખવાની જરૂર નહીં હોવાનું જણાવ્યું છે.'' ઉલ્લેખનીય છે કે, બાંગ્લાદેશ અત્યારે વિદેશ હૂંડિયામણની કટોકટીનો સામનો કરી રહ્યું છે.કરીમે જણાવ્યું હતું કે, ''બાંગ્લાદેશે અદાણી પાવરને ૬૫ કરોડ ડોલર ચૂકવવાના બાકી છે. નવેમ્બરમાં તેણે ૮.૫ કરોડ ડોલર અને ઓક્ટોબરમાં ૯.૭ કરોડ ડોલરનું પેમેન્ટ કર્યું હતું.'' જોકે, મીડિયા અહેવાલ મુજબ અદાણી જૂથના અધિકારીએ દાવો કર્યો હતો કે, બાંગ્લાદેશે ૯૦ કરોડ ડોલર ચૂકવવાના બાકી છે. તેને લીધે પ્લાન્ટની કામગીરી ખોરવાઈ છે અને ઋણખર્ચ વધી રહ્યો છે. અદાણી પાવર ૨૫ વર્ષના કરાર હેઠલ ઝારખંડમાં બે અબજ ડોલરના પ્લાન્ટનું સંચાલન કરે છે. બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાના કાર્યકાળમાં અદાણી પાવરે ૨૦૧૭માં કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. પ્લાન્ટના બે યુનિટ છે, પ્રત્યેક યુનિટની ક્ષમતા ૮૦૦ મેગાવોટ છે. જોકે, એક યુનિટ પહેલી નવેમ્બરથી બંધ છે.

### ભારત-ચીનના સંબંધો અંગનું નિવેદન

# સરહદ પર શાંતિ વિના બંને દેશોના સંબંધો સામાન્ય ન રહી શકેઃ એસ.જયશંકર

**બંને દેશો તરફથી પૂર્વ લદ્દાખના વિસ્તારોમાં સેના પાછી ખેંચવાની કામગીરી પુરી થઈ ગઈ છે. બંને દેશો સરહદ વિવાદ ઉકેલવા માટે દાયકાઓથી વાત કરી રહ્યા છે**

નવીદિલ્હી,તા.૩

ભારત અને ચીન વચ્ચે વર્તમાન સમયમાં સંબંધો કેવા છે, બંને દેશોની સરહદ પર સ્થિતિ છું ? તે અંગે વિદેશમંત્રી એસ.જયશંકરે લોકસભામાં તમામ જવાબ આપ્યા છે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે, 'બંને દેશો તરફથી પૂર્વ લદ્દાખના વિસ્તારોમાં સેના પાછી ખેંચવાની કામગીરી પુરી થઈ ગઈ છે. બંને દેશો સરહદ વિવાદ ઉકેલવા માટે દાયકાઓથી વાત કરી રહી છે. અમે પરસ્પર સહમતિથી વિવાદ ઉકેલવા માટે સંમત થયા છીએ. ચીને મે-જૂન ૨૦૨૦માં સરહદ પર અનેક સૈનિકો તહેનાત કર્યા હતા, જેના કારણે ભારતીય સેનાને પેટ્રોલિંગ કરવામાં સમસ્યા ઉભી થઈ હતી. ગલવાન ખીણમાં અથડામણ થયા બાદ બંને દેશો વચ્ચે તણાવ વધ્યો હતો. પછી ભારતે પણ વળતો જવાબ આપી LCA પર મોટી સંખ્યામાં હથિયારો અને સૈનિકો તહેનાત કર્યા હતા.

તેમણે લોકસભામાં કહ્યું કે, 'એલએસી પર ડિસએન્ગેજમેન્ટની કામગીરી પુરી થઈ ગઈ છે. લદ્દાખ અને ડેમચોકમાં પણ કામગીરી પુરી કરી દેવાઈ છે. હવે અમે તણાવ ઘટાડવા સહિતના મુદ્દાઓ પર વાતચીત કરી રહ્યા છીએ. નવી ટેકનોલોજીનો ઉપયોગ ઊંચાઈવાળા વિસ્તારોમાં કરવામાં આવશે. અમે આપણા સૈનિકોની મદદ કરવા માટે તત્પર છે. આપણા સંબંધો ચીન સાથે સુધરી રહ્યા છે, જોકે ઘર્ષણ પહેલા જે સંબંધો હતા, તેવા સંબંધો હાલ સંપૂર્ણ સુધર્યા નથી. આગામી સમયમાં અમે ચીન સાથે ચર્ચા કરીશું કે, હવે વિવાદ ન થવો જોઈએ.'

'તેમણે ભાષણમાં કહ્યું કે, 'વર્ષ ૧૯૯૧માં બંને દેશો એલએસપી પર શાંતિ જાળવવા માટે સંમત થયા હતા. ૧૯૯૩માં એલએસી પર શાંતિને બહાલી આપવા માટે સહમતી યથાવત્ રાખી હતી. બંને દેશો સ્થિતિ સુધારવા માટે પ્રતિબદ્ધ છે. બંને દેશો વચ્ચે જ્યારે પણ બેઠક કરવામાં આવી છે, ત્યારે તે સમજૂતીને યાદ કરવામાં આવી છે. ભારત તરફથી એવું પણ કહેવામાં આવ્યું છે કે, હવે આગામી સમયમાં આવી ઘટનાઓ ન બનવી જોઈએ.'

તેમણે એમ પણ કહ્યું કે, 'તાજેતરના અનુભવો થયા બાદ અમે સરહદ પર વધુ કડક કાર્યવાહી કરી છે. બંને પક્ષો સરહદ પર કડકાઈથી સુરક્ષાનું પાલન કરી રહ્યા છે. સરહદ પર અગાઉ જેવી ઘટનાઓ બનતી હતી, તેવી ઘટનાઓ હવેના સમયમાં ન બની, તે માટે સમજુતીનું પાલન કરવું જરૂરી છે. સરકારે કહ્યું છે કે, જ્યાં સુધી સરહદ પર સ્થિતિ સામાન્ય ન થાય, ત્યાં સુધી ભારત-ચીન વચ્ચેના સંબંધો હજુ સામાન્ય ન થઈ શકે. અમે સ્પષ્ટ કહી રહ્યા છીએ કે, શાંતિ અને સમજુતી વગર જ સંબંધો સારા બમવાની ગેરેંટી છે. ચીનના વિદેશ મંત્રી અને સંરક્ષણ મંત્રીએ પણ ચીનના સમકક્ષો સાથે વાત કરી છે.જયશંકરે કહ્યું કે, લદ્દાખમાં નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જે દર્શાવે છે કે, સરકાર આપણા સૈનિકો માટે મદદ કરવાની તત્પર છે. આપણા ચીન સાથે સંબંધો આગળ વધી રહ્યા છે. એ હકીકત છે કે, અગાઉની ઘટનાઓના કારણે ભારતના ચીન સાથે સંબંધો બગડ્યા હતા. આગાની દિવસોમાં ચીન સાથે સરહદ વિવાદ ન થવા મુદ્દે ચર્ચા કરાશે.

### બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓ વિરુદ્ધ હિંસા ચાલુ છે

# બાંગ્લાદેશમાં હિન્દુઓના નરસંહારના માસ્ટરમાઇન્ડ છે મોહમ્મદ યુનુસઃ પૂર્વ PM શેખ હસીના

**બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના નેતા તારિક રહેમાને પણ કહ્યું છે કે, જો હત્યાઓ ચાલુ રહેશે તો સરકાર નહીં ચાલે**

નવી દિલ્હી,તા.૩

બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓ વિરુદ્ધ હિંસા ચાલુ છે. સમગ્ર વિશ્વમાં કૃષ્ણ ભક્તિનો પ્રચાર કરતી સંસ્થા ISKCON સાથે સંકળાયેલા સંત ચિન્મય કૃષ્ણદાસને જેલમાં મોકલી દેવામાં આવ્યા છે. તેના પર હિંસા ભડકાવવાનો આરોપ છે. બાંગ્લાદેશના હિન્દુઓમાં પણ આની સામે રોષ છે. આ દરમિયાન પૂર્વ PM શેખ હસીનાએ આરોપ લગાવ્યો છે કે, બાંગ્લાદેશમાં થઈ રહેલી નરસંહાર માટે વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસ જવાબદાર છે. શેખ હસીનાએ તો મોહમ્મદ યુનુસને બાંગ્લાદેશમાં લઘુમતીઓ સામેની હિંસાના માસ્ટરમાઈન્ડ પણ ગણાવ્યા છે.

શેખ હસીનાએ અવામી લીગના એક કાર્યક્રમને વર્ચ્યુઅલ રીતે સંબોધિત કરતા કહ્યું કે, મંદિરો અને ચર્ચો પર થયેલા હુમલા પાછળ મોહમ્મદ યુનુસનો હાથ છે. તેઓ આ ઘટનાઓ પાછળ માસ્ટરમાઈન્ડ તરીકે કામ કરી રહ્યા છે. ૫ ઓગસ્ટે તખ્તાપલટ બાદ ભારત આવેલા શેખ હસીનાએ કહ્યું કે, 'આજે મારા પર નરસંહાર કરવાનો આરોપ છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે, મોહમ્મદ યુનુસ આ કરી રહ્યા છે. તે સંપૂર્ણ ડિઝાઈન સાથે કામ કરી રહ્યા છે. તેઓ વિદ્યાર્થી સંગઠનોના નામે સત્તામાં છે અને હવે લઘુમતીઓની હત્યા થઈ રહી છે. તે તેમના માસ્ટરમાઈન્ડ છે. બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના નેતા તારિક રહેમાને પણ કહ્યું છે કે, જો હત્યાઓ ચાલુ રહેશે તો સરકાર નહીં ચાલે.

ઉલ્લેખનીય છે કે, તારિક રહેમાન બાંગ્લાદેશ નેશનલ પાર્ટીના નેતા બેગમ ખાલિદા જિયાના પુત્ર છે. મોહમ્મદ યુનુસના નેતૃત્વમાં વચગાળાની સરકાર બની ત્યારથી જ લઘુમતીઓ પર હુમલાઓ થઈ રહ્યા છે. મોટી સંખ્યામાં તેમના ઘરો સળગાવવામાં આવ્યા, દુર્ગા પૂજા પંડાલો પર હુમલો કરવામાં આવ્યો અને હવે હિંસાની નવી લહેર ચાલી રહી છે. કૃષ્ણની ભક્તિનો પ્રચાર કરતી સંસ્થા ISKCONને પણ નિશાન બનાવવામાં આવી રહી છે.

### શિવસેનાના નેતાઓએ દરેગાંવમાં તેમની બીમારીની જાણકારી આપી હતી

# મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને જ્યુપિટર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા

**સીએમ એકનાથ શિંદે સાથે તેમના પુત્ર શ્રીકાંત શિંદે પણ હાજર છે. સતત તાવ અને ગળામાં ઈન્ફેક્શનના કારણે મુખ્યમંત્રી પરેશાન છે**

મુંબઈ,તા.૩

મહારાષ્ટ્રમાં નવી સરકાર બનાવવાની હિલચાલ તેજ થઈ ગઈ છે, પરંતુ મહાયુતિના નેતા અને રખેવાળ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે બીમાર છે. તેની હાલત હજુ પણ સારી નથી. તેથી, તેનો ડેન્ગ્યુ અને મેલેરિયા માટે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ટેસ્ટનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. સતત તાવ આવે તો એન્ટિબાયોટિક્સ આપવામાં આવી છે.

ડોકટરે જણાવ્યું કે આ કારણે તે ઘણી હદ સુધી નબળી પડી ગઈ છે. હવે તેને જ્યુપિટર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવશે. જ્યુપીટર હોસ્પિટલના ડોકટરોની ટીમ તેની તપાસ કરશે. અહીં સીએમ એકનાથ શિંદે સાથે તેમના પુત્ર શ્રીકાંત શિંદે પણ હાજર છે. સતત તાવ અને ગળામાં ઈન્ફેક્શનના કારણે મુખ્યમંત્રી પરેશાન છે.

મુખ્યમંત્રી એકનાથ શિંદે મહાગઠબંધનની બેઠક માટે દિલ્હી ગયા હતા. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથેની આ બેઠકમાં એકનાથ શિંદે, દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર હાજર હતા. આ બેઠકમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા હાજર રહ્યા હતા. આ મીટિંગ પછી એકનાથ શિંદે મુંબઈ પરત ન ફર્યા અને સીધા સતારામાં તેમના ગામ ગયા હતા. જેના કારણે એકનાથ શિંદે નારાજ હોવાની ચર્ચા શરૂ થઈ હતી.

શિવસેનાના નેતાઓએ દરેગાંવમાં તેમની બીમારીની જાણકારી આપી હતી. આ પછી એકનાથ શિંદેએ મીડિયા સાથે વાત કરી હતી. તેમજ એકનાથ શિંદેની સારવાર કરી રહેલા ડોકટરે તેમની સ્થિતિ વિશે માહિતી આપી હતી.

એકનાથ શિંદે બે દિવસમાં દારેગાંવથી થાણેમાં તેમના નિવાસસ્થાને પાછા ફર્યા હતા. આ પછી પણ તેની સ્થિતિમાં સંપૂર્ણ સુધારો થયો નથી. હવે સ્પેશિયલ ડોકટરોની ટીમ તેમની જ્યુપિટર હોસ્પિટલમાં સારવાર કરી રહી છે. તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવશે. અગાઉ તેમનો ડેન્ગ્યુ માટે ટેસ્ટ કરવામાં આવ્યો હતો. રિપોર્ટ નેગેટિવ આવ્યો, પણ ડોકટરે કહ્યું કે તે કમજોર છે. આ કારણે તેને ફરીથી આરામ કરવાની સલાહ આપવામાં આવી હતી. નાદુરસ્ત તબિયતના કારણે એકનાથ શિંદે આજે કોઈ બેઠકમાં ભાગ લેશે નહીં. આજે મહાયુતિના નેતાઓની બેઠક યોજાવાની છે. તે પહેલા પણ એકનાથ શિંદેની તબિયત લથડી હતી.

શિંદે જૂથના ઘણા ધારાસભ્યો તેમના નેતાને જોવા માટે થાણે આવી રહ્યા છે. કરજતના ધારાસભ્ય મહેન્દ્ર થોરવે થાણેમાં એકનાથ શિંદેના ઘરે પહોંચ્યા હતા. શિવસેનાના નેતા ભરત ગોગવાલે પણ એકનાથ શિંદેને મળવા પહોંચ્યા હતા. આ પ્રસંગે ભરત ગોગવાલે સાંસદ શ્રીકાંત શિંદેને મળ્યા હતા. બીજી તરફ ગુલાબરાવ પાટીલ અને સંજય શિરસાટે ભાજપના પ્રદેશ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળે સાથે મુલાકાત કરી છે.

### ચૂંટણી પંચને ૩ સપ્તાહમાં નિર્ણયનો હેતુ સમજાવવા નિર્દેશ

# કોઇ મતદાતા બાકાત રહેવો જોઇએ નહીંઃ સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરી

**સુપ્રીમ કોર્ટે આગામી સુનાવણી માટે ૨૭ જાન્યુઆરી, ૨૦૨૫ની તારીખ નિર્ધારિત કરી છે અને એ પહેલાં અરજદારને એફિડેવિટની કોપી આપવા જણાવ્યું છે**

નવી દિલ્હી, તા.૩

સુપ્રીમ કોર્ટે દરેક મતદાન મથક પર મતદાતાની મહત્તમ સંખ્યા ૧,૨૦૦થી વધારી ૧,૫૦૦ કરવાના ચૂંટણી પંચના નિર્ણયને પડકારતી જાહેર હિતની અરજી અંગે પંચનો જવાબ માંગ્યો છે. કોર્ટે જણાવ્યું હતું કે, કોઇ વ્યક્તિ મતદાર બાકાત રહેવો જોઈએ નહીં.સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને તેનું વલણ સ્પષ્ટ કરવા જણાવ્યું હતું. બેન્ચે જણાવ્યું હતું કે, ''અમે ચિંતિત છીએ. કોઇ મતદાતા બાકાત રહેવો જોઇએ નહીં.'' એટલે બેન્ચે ચૂંટણી પંચના વકીલ સિનિયર એડવોકેટ મનિંદર સિંઘને મતદાન મથક દીઠ મતદાતાની સંખ્યા વધારવાના ચૂંટણી પંચના નિર્ણય પાછળનો વિચાર ટૂંકી એફિડેવિટ ફાઈલ કરીને સમજાવવા નિર્દેશ કર્યો હતો. કોર્ટે ચૂંટણી પંચને ત્રણ સપ્તાહમાં એફિડેવિટ ફાઈલ કરવા જણાવ્યું હતું. સિંઘે જણાવ્યું હતું કે, ''બેન્ચ ઈવીએમ અંગે સતત મુકાઈ રહેલા આરોપોથી માહિતગાર છે. આવા આરોપો ચાલુ રહેશે. ૨૦૧૯થી ચૂંટણી આવી રીતે થઈ રહી છે. રાજકીય પક્ષો સાથે આ મુદ્દે દરેક મતવિસ્તારમાં ચૂંટણી પહેલાં ચર્ચા કરવામાં આવે છે.''વરિષ્ઠ વકીલ સિંઘે કહ્યું હતું કે, ''પોલિંગ સ્ટેશનમાં ઘણા મતદાન બૂથ હોઈ શકે અને ઈવીએમ દીઠ મતદાતાની કુલ સંખ્યામાં વધારો કરતી વખતે હંમેશા દરેક મતવિસ્તારમાં રાજકીય પક્ષો સાથે ચર્ચા કરવામાં આવે છે.'' તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ''મતદાતાઓને નિર્ધારિત સમય પછી પણ મતદાનની મંજૂરી આપવામાં આવે છે.'' સુપ્રીમ કોર્ટે આગામી સુનાવણી માટે ૨૭ જાન્યુઆરી, ૨૦૨૫ની તારીખ નિર્ધારિત કરી છે અને એ પહેલાં અરજદારને એફિડેવિટની કોપી આપવા જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ઓગસ્ટમાં ચૂંટણી પંચ દ્વારા દેશભરમાં દરેક મતિવિસ્તારના પોલિંગ સ્ટેશન પર મતદાતાની સંખ્યામાં વધારો કરવાના નિર્ણયને ઈંદુપ્રકાશ સિંઘે જાહેર હિતની અરજી દ્વારા પડકાર્યો હતો. અરજીમાં જણાવ્યા અનુસાર ચૂંટણી પંચનો નિર્ણય કોઇ ડેટા પર આધારિત નથી.

## તૌફિકના પુત્ર પર જાતિવાદી ટિપ્પણી કરવાનું શરૂ કર્યું

# USમાં એરપોર્ટની શટલ બસમાં ભારતીય સામે અમેરિકન મહિલાનો વંશીય દુર્વ્યવહાર

**મહિલાએ કહ્યું- તમારો પરિવાર ભારતનો છે, તમને નિયમોનું સન્માન નથી, તમને લાગે છે કે તમે બધા પર દબાણ લાવી શકો છો. તમે લોકો પાગલ છો**

લોસ એન્જલસ,તા.૩

લોસ એન્જલસ એરપોર્ટ પર શટલ બસમાં ભારતીય-અમેરિકન ફોટોગ્રાફર પરવેઝ તૌફીક અને તેના પરિવાર સાથે વંશીય દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો. એક મહિલાએ તૌફિકના પરિવાર પર જાતિવાદી ટિપ્પણી કરી અને કહ્યું—તમારો પરિવાર ભારતનો છે, તમને નિયમોનું કોઈ સન્માન નથી. ભારતીયો પાગલ છે. મહિલાના આ ગાંડપણના કારણે યુનાઈટેડ એરલાઈન્સે તેને નો-ફ્લાય લિસ્ટમાં મૂકી દીધી છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

ઘટના ત્યારે શરૂ થઈ જ્યારે મહિલાએ તૌફિકના પુત્ર પર જાતિવાદી ટિપ્પણી કરવાનું શરૂ કર્યું. તૌફિકે વીડિયો બનાવવાની શરૂઆત કરતા જ મહિલાએ વચ્ચેની આંગળી બતાવતા બૂમો પાડવા લાગી. મહિલાએ કહ્યું- તમારો પરિવાર ભારતનો છે, તમને નિયમોનું સન્માન નથી, તમને લાગે છે કે તમે બધા પર દબાણ લાવી શકો છો. તમે લોકો પાગલ છો.મહિલા પોતાને પીડિતા કહેવા લાગી. મામલો વધતો જોઈને જ્યારે સિક્યોરિટી ગાર્ડને બોલાવવામાં આવ્યો તો મહિલાએ પોતાને પીડિત ગણાવવાનું શરૂ કર્યું. મહિલાએ કહ્યું- તેને (એરલાઈનના કર્મચારીને) તેનાથી કોઈ ફરક નથી પડતો કે હું જાતિવાદી છું, તમે મારા માટે જાતિવાદી છો, હું અમેરિકન છું. તૌફીકે કહ્યું- અમે પણ અમેરિકન છીએ. જવાબમાં મહિલાએ કહ્યું- તમે મૂળ અમેરિકન નથી. તમે ભારતના છો.

જોકે, અન્ય મુસાફરોએ ફોટોગ્રાફરને ટેકો આપ્યો હતો. ઘટનાનો વીડિયો ઈન્સ્ટાગ્રામ પર શેર કરતા તૌફીકે લખ્યું- અત્યારે મારું લોહી ઉકળી રહ્યું છે. હું માની શકતો નથી. તે મારા બાળકોને શાંત રહેવાનું કહેતી હતી, અને હું મારો ગુસ્સો ગુમાવી બેઠો હતો. મેં કહ્યું- તમને મારા બાળકો સાથે આ રીતે વાત કરવાનો કોઈ અધિકાર નથી.અમેરિકામાં ભારતીયો વિરુદ્ધ જાતિવાદી હિંસા વધી છે અમેરિકામાં છેલ્લા કેટલાક સમયથી ભારતીયો વિરુદ્ધ જાતિવાદી હિંસા વધી છે. ૨૦૨૪ના પ્રથમ ત્રણ મહિનામાં પણ ભારતીય વિદ્યાર્થીઓની હત્યાનો આંકડો બે આંકડાને પાર કરી ગયો હતો. કન્ઝર્વેટિવ પાર્ટીએ પણ અમેરિકી સંસદમાં આ અંગે પ્રશ્ન પૂછ્યો હતો. જેના જવાબમાં વ્હાઈટ હાઉસ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે આવી બાબતોને લઈને ઝીરો ટોલરન્સ નથી. ઈન્ડો-અમેરિકન ડેમોક્રેટ નેતા અને કોંગ્રેસમેન થાનેદારે હિન્દુફોબિયા સામે લડવાની વાત કરી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે અમેરિકામાં નફરત માટે કોઈ સ્થાન હોવું જોઈએ નહીં.

## ખાવાનો વારો પાડી દીધો, બાદમાં ધોકાવાળી થઈ

# લખનઉ યુનિવર્સિટીના ૧૫૦ વિદ્યાર્થી મેરેજ હોલમાં બળજબરી ઘુસી ગયા

**જાનમાં લખનઉ યુનિવર્સિટીના છાત્રો ઘુસી ગયા હતા જાનૈયાઓ સાથે નાચવા લાગ્યા, તો તેનો વિરોધ કર્યો. બસ અહીંથી જ ડખો શરુ થયો**

લખનઉ,તા.૩

ઉત્તર પ્રદેશના લખનઉમાંથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. અહીં લખનઉ યુનિવર્સિટીની હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ એક લગ્નપ્રસંગમાં ઘુસી ગયા હતા. જેને લઈને જાનૈયા અને માંડવીયા વચ્ચે ડખો થઈ ગયો. બાદમાં મેરેજ હોલમાં તોડફોડ શરુ થઈ ગઈ. લોકો સાથે મારપીટ થઈ અને બોમ્બ પણ ફોડ્યા. આ હુમલાની ઘટનામાં લગ્નમાં આવેલા કેટલાય મહેમાનો ઘાયલ થઈ ગયા હતા. બાદમાં તેની સૂચના પોલીસને આપવામાં આવી. પોલીસ આવતી જોઈ યુવકો ભાગી ગયા હતા.આ કિસ્સો ડાલીગંજ વિસ્તારનો છે. અહીં રામાધીન મેરેજ હોલમાં એક જાન આવી હતી. મેરેજ સજીધજીને તૈયાર હતો. ત્યાંથી ૫૦૦ મીટર દૂર આઈટી ચોક પાસે જાનમાં લખનઉ યુનિવર્સિટીના છાત્રો ઘુસી ગયા હતા. જાનૈયાઓ સાથે નાચવા લાગ્યા, તો તેનો વિરોધ કર્યો. બસ અહીંથી જ ડખો શરુ થયો. બંને પક્ષ વચ્ચે ભારે મારામારી થઈ. તે સમયે રાતના ૧૧ વાગ્યા હતા. આ દરમ્યાન હોસ્ટેલના ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ મેરેજ હોલમાં ઘુસી ગયા. ત્યા જઈને ખાવાનું ખાવા લાગ્યા. જ્યારે દુલ્હન પક્ષને આ વાત ખબર પડી તો તેમણે વિદ્યાર્થીઓને ત્યાંથી નીકળી જવા માટે કહ્યું. આ વાતને લઈને વિદ્યાર્થીઓ ગુસ્સે થઈ ગયા. તેમણે તો મેરેજ હોલમાં તોડફોડ શરુ કરી દીધી. ત્યાર બાદ લગભગ ૧૫૦ વિદ્યાર્થીઓ એકઠા થઈ ગયા અને મારપીટ શરુ કરી દીધી. જાનમાં મહિલાઓ અને બાળકો ચિસો પાડવા લાગ્યા. છાત્રોએ જે વસ્તુ હાથમાં આવી તે લઈને મારવા લાગ્યા. ભારે પથ્થરમારો પણ કર્યો. કેટલાય રાઉન્ડ ફાયરિંગ કર્યા. ૭-૮ બોમ્બના ગોળા પણ ફેંક્યા. જેનાથી ચારે તરફ અફરાતફરી મચી ગઈ.લગ્નમાં આ પ્રકારનો માહોલ જોઈ કેટલાય મહેમાનો પાછળથી નીકળી ગયા. એ જ સમયે કોઈએ પોલીસને જાણ કરી દીધી. પોલીસ આવી તો વિદ્યાર્થીઓ મેરેજ હોલમાંથી ભાગવા લાગ્યા. ઝઘડા બાદ મેરેજ હોલમાં ચારે તરફ સામાન આમથી તેમ પડ્યો હતો. બાદમાં ખાલી વર કન્યા અને બંનેના પરિવાર જ હતા. બાદમાં પોલીસની હાજરીમાં લગ્ન કરાવ્યા. સાથે જ જે મહેમાનો ઘાયલ થયા હતા, તેમને હોસ્પિટલે પણ પહોંચાડ્યા.

## સોફ્ટવેર ડેવલપર એક કૌભાંડનો ભોગ બન્યા

# ફોન પર '૧' દબાવીને ૧ લાખ રૂપિયા ગુમાવ્યા, આ રીતે બહાર આવ્યું કૌભાંડ

**સિંધુ ભવન રોડ પર ખાનગી પેઢીમાં કામ કરતા યુવાન પ્રોફેશનલને છેતરાયા હોવાનો અહેસાસ થતાં સોલા પોલીસ સાથે તેને આપવીતી શેર કરી હતી**

અમદાવાદ,તા.૩

શું તમને ક્યારેય એવો કૉલ આવ્યો છે કે તમારું કુરિયર ડિલિવર થયું નથી? આપણામાંના મોટાભાગના લોકો વિચારશે કે તે માત્ર એક રુટિન અપડેટ છે અને વિચાર્યા વિના સૂચનાઓને ફૉલો કરશે. કમનસીબે, આ રીતે Ahmedabadના એક ૨૬ વર્ષીય સોફ્ટવેર ડેવલપર એક કૌભાંડનો ભોગ બન્યા, આ પ્રક્રિયામાં રૂ. ૧ લાખ ગુમાવ્યા.ઘાટલોડિયામાં રહેતા અને સિંધુ ભવન રોડ પર ખાનગી પેઢીમાં કામ કરતા યુવાન પ્રોફેશનલને છેતરાયા હોવાનો અહેસાસ થતાં સોલા પોલીસ સાથે તેને આપવીતી શેર કરી હતી. આ બધું ત્યારે શરૂ થયું જ્યારે તેને એક ઓટોમેટેડ કોલ આવ્યો, જેમાં તેને અનડિલિવર્ડ કુરિયર વિશે જાણ કરવામાં આવી.IVR સિસ્ટમ પર વિશ્વાસ રાખીને, તેણે સૂચના મુજબ '૧' દબાવ્યું, એવા વ્યક્તિ સાથે કનેક્ટ થયો જેણે એવો દાવો કર્યો કે તેણી પાસે ચેન્નાઈથી મુંબઈ મોકલવામાં આવેલા પાર્સલની ડિટેલ છે.સ્કેમરે સચોટ આધાર વિગતો પણ આપી હતી, ફરિયાદીને કોલ અસલી હોવાનું માની લીધું અને ફસાઈ ગયો. ત્યાંથી, મુંબઈ ક્રાઈમ બ્રાન્ચમાંથી સુનીલ દત્ત તરીકે ઓળખાતા કોઈને કોલ ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. આ નકલી અધિકારીએ તેને જાણ કરી કે પાર્સલમાં છ બેંક કાર્ડ છે અને તેણે દાવો કર્યો કે તે કથિત નાણાકીય ગુનાઓ માટે હવે ડિજિટલ ધરપકડ હેઠળ છે.જ્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા કથિત રીતે જારી કરાયેલ નકલી ધરપકડ વોરંટ બતાવવામાં આવ્યું ત્યારે પીડિત વધુ ડરી ગયો હતો. દબાણ હેઠળ, તેને અન્ય સ્કેમર પાસે નિર્દેશિત કરવામાં આવ્યો હતો જે ખલીમ અંસારી નામના એડવોકેટ હોવાનો ઢોંગ કરે છે. તેમની સૂચનાઓને અનુસરીને, સોફ્ટવેર ડેવલપરે રૂ. ૧ લાખ, તેમની આખી બચત, તેઓએ આપેલા બેંક ખાતામાં ટ્રાન્સફર કરી.એકવાર પૈસા ટ્રાન્સફર થઈ ગયા પછી, બંને માણસો ગાયબ થઈ ગયા,

જેના કારણે તે તેમનો સંપર્ક કરી શક્યા નહીં. કૉલર પર ક્યારેય વિશ્વાસ ન કરો કારણ કે તેમની પાસે તમારી કેટલીક અંગત વિગતો છે. સત્તાવાર ચેનલો દ્વારા તેમના દાવાઓને ક્રોસ-ચેક કરો.જ્યાં સુધી તમે કૉલની અપેક્ષા ન રાખતા હો, ત્યાં સુધી "કંઈ સૂચનાઓનું પાલન કરશો નહીં. સ્કેમર્સ વારંવાર તમને ઝડપી નિર્ણયો લેવા દબાણ કરવા માટે ઈમરજન્સીની ભાવના પેદા કરે છે. વિચારવા માટે તમારો સમય લો.તરત જ ઓથોરિટીનો સંપર્ક કરોઃ જો કંઈક ખોટુ જણાય, તો વિલંબ કર્યા વિના તમારી સ્થાનિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન પર કૉલ કરો.

# રાજ્યના મહેસાણા, અમદાવાદ, મોરબી અને ગાંધીનગરમાં દરોડા પડ્યા

અમદાવાદ,તા.૩

ઈક્મટેક્સ વિભાગે રાજ્યના અનેક જિલ્લાઓમાં એક સાથે દરોડા પાડ્યા છે. મહેસાણાના રાધે ગ્રૂપ અને પાર્ટનર ટ્રોગન ગ્રૂપ સહિત અન્ય પાર્ટનરોની અમદાવાદ અને મોરબીમાં તપાસ શરૂ કરવામાં આવી હતી. બે ડઝનથી વધુ ટીમોએ રાજ્યના વિવિધ સ્થળોએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. આવકવેરા વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર તપાસમાં મોટા પાયે બેનામી વ્યવહારો અને સંપત્તિનો ખુલાસો થયો છે.

ઈન્મકટેક્સ વિભાગે દરોડા દરમિયાન કરોડો રૂપિયાના બેનામી વ્યવહારો પકડ્યા છે. જેમાં ૧૦ કરોડ રોકડ, ૧૫ બેક્ર લોકર મળી આવ્યા છે. રાજ્યના ૪૦ જગ્યાએ હજુ પણ સર્ચની કામગીરી શરૂ છે. ગુજરાતના વિવિધ શહેર મહેસાણા,અમદાવાદ,મોરબી અને ગાંધીનગરમાં દરોડા પાડ્યા હતા. ઈન્મકટેક્સ વિભાગે મહેસાણાના પ્રખ્યાત રાધે ગ્રુપના મહેન્દ્ર પટેલ અને તેના ભાગીદારોની તપાસ શરૂ કરી છે. રાજકોટ જિલ્લાના મોટા રાજકારણીના જમાઈ પર પણ દરોડા ચાલુ છે. રાધે ગ્રૂપ સાથે મોરબીની બે સિરામિક ઈન્ડસ્ટ્રીઝનું કનેકશન બહાર આવતાં તેમાં પણ દરોડા પાડવામાં આવ્યા હતા. અમદાવાદમાં અનેક જગ્યાએ દરોડાની કાર્યવાહી ચાલી રહી છે.

આવકવેરા વિભાગની ટીમે તપાસ કરતા પ્રાથમિક તપાસમાં કરોડોની કિંમતના વાંધાજનક દસ્તાવેજો મળી આવ્યા છે અને આ દસ્તાવેજોની ચકાસણી અને સર્ચ બાદ કરોડોના બિનહિસાબી વ્યવહારો અને કરોડોની કરચોરી શોધી કાઢવામાં આવે તેવી શક્યતા છે.

## રાજ્ય સરકાર માની ન શકાય તેવા નિયમો લાવી રહી છે

# રાજ્યની ૪૦ હજારથી વધારે પ્રી-સ્કૂલની હડતાળ

**રાજ્યના વિવિધ શહેરોમાં ચાલતી પ્રી-સ્કૂલોએ સરકારના આકરા નિયમો સામે હડતાળ કરી છે**

અમદાવાદ,તા.૩

રાજ્ય સરકારના આકરા નિયમો સામે રાજ્યના વિવિધ શહેરોમાં ચાલતી પ્રી-સ્કૂલોએ સરકારના આકરા નિયમો સામે આજે હડતાળ કરી છે. તેના લીધે રાજ્યમાં લગભગ ૪૦ હજારથી વધારે પ્રી-સ્કૂલ આજના દિવસે બંધ રહી છે. પ્રી-સ્કૂલ સંચાલકોની દલીલ છે કે રાજ્ય સરકાર માની ન શકાય તેવા નિયમો લાવી રહી છે. તેમનું કહેવું છે કે એક નાના બંગલામાં ચાલતી પ્રી-સ્કૂલમાં કોઈ બીયુ પરમિશન અને પછી ૧૫ વર્ષના લીઝ એગ્રીમેન્ટ પાછળ ત્રણથી ચાર લાખનો ખર્ચો કરતું હશે. સરકારી ઓફિસોમાં બેસીને કામ કરતાં મોહમ્મદ તઘલખો સરકારને ઊંધાં ઘડિયા ભણાવે છે. આ મોહમ્મદ તઘલખોએ એકપણ પ્રી સ્કૂલની મુલાકાત લીધા વગર નિયમ જારી કરી દીધા છે. આ તંત્ર કીડીને કોશના ડામ દેવામાં માને છે.રાજ્ય સરકાર દ્વારા રાજ્યના વિવિધ શહેરોમાં ચાલતી પ્રી-સ્કૂલ અંગે કડક નિયમોનો અમલ શરૂ કરવામાં આવ્યો છે, જેના વિરોધમાં પ્રી-સ્કૂલ સંચાલકો હડતાળ પર ઉતરી ગયા છે. વિરોધમાં આજે રાજ્યમાં લગભગ ૪૦ હજાર પ્રી-સ્કૂલ બંધ રહી છે.રાજ્ય સરકાર દ્વારા પ્રી-સ્કૂલ અંગે બનાવેલા નિયમોમાં પ્રી-સ્કૂલ ચલાવવા માટે ઓપરેટર પાસે બીયુ પરમિટ અને ૧૫ વર્ષનો રજિસ્ટર્ડ લીઝ એગ્રીમેન્ટ હોવો ફરજિયાત કરવામાં આવ્યો છે. સંચાલકો કહી રહ્યા છે કે આ શક્ય નથી અને નિયમોમાં છૂટછાટની માંગ કરી રહ્યા છે. રાજ્યમાં મોટાભાગની પ્રી-સ્કૂલ મહિલાઓ દ્વારા ચલાવવામાં આવે છે. જો આ નિયમોને કારણે પ્રી-સ્કૂલ બંધ થશે તો મહિલાઓએ તેમની નોકરી ગુમાવવાનો ભય પણ વ્યક્ત કર્યો છે. રાજ્યમાં જો સરકારના આકરા નિયમોના લીધે પ્રી-સ્કૂલોને તાળા વાગે તો પાંચ લાખ મહિલાઓએ નોકરી ગુમાવવાનો દહાડો આવી શકે છે.પ્રી-સ્કૂલ સંચાલકો અમદાવાદમાં રિવરફ્રન્ટ પર એકઠા થયા હતા અને વિરોધ કર્યો હતો. રાજ્ય સરકારે તમામ પ્રી-સ્કૂલ સંચાલકો માટે પ્રી-સ્કૂલ ચલાવવા માટે સાઈટ પર BU પરમિટ, ૧૫ વર્ષનો રજિસ્ટર્ડ લીઝ એગ્રીમેન્ટ વગેરે હોવું ફરજિયાત બનાવ્યું છે. જો કે, ગુજરાત પ્રી-સ્કૂલ એસોસિએશને કહ્યું છે કે ગુજરાત પ્રી-સ્કૂલ એસોસિએશન માટે ૧૫ વર્ષનો લીઝ એગ્રીમેન્ટ આપવો શક્ય નથી. કારણ કે પ્રી-સ્કૂલ એ ખૂબ જ નાનું એકમ છે અને ૧૫ વર્ષ સુધી કોઈ તેને પૂરું પાડી શકતું નથી. કારણ કે મોટાભાગની પ્રી-સ્કૂલ નાના મકાનો કે બંગલામાં ચલાવવામાં આવે છે. તેથી, ૧૧ મહિનાના ભાડા કરાર કરી શકાય છે. પરંતુ ૧૫ વર્ષનો લીઝ કરાર મેળવી શકતા નથી.ગુજરાત સ્કૂલ એસોસિએશનના જનરલ સેક્રેટરી સાગર નાયકે વધુમાં જણાવ્યું હતું કે, આજે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને મોરબી સહિતના જિલ્લાના પ્રિ-સ્કૂલ સંચાલકો અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે એકઠા થયા છે અને અહીંથી અમે મુખ્યને આવેદનપત્ર આપવા ગાંધીનગર સુધી કૂચ કરીશું. મંત્રી અને શિક્ષણ મંત્રી પહોંચશે. ગુજરાત પ્રી-સ્કૂલ એસોસિએશનની સમિતિના સભ્ય હીર રાવલે જણાવ્યું હતું કે પ્રી-સ્કૂલ ચલાવવા માટે સરકારે કેટલીક માંગણીઓ કરી છે, જેમાંથી કેટલીક વાજબી છે પરંતુ કેટલીક શક્ય નથી. કારણ કે કોઈપણ મકાન કે બંગલામાં, ત્યાં ચાલતી પ્રી-સ્કૂલ માટે જગ્યા ભાડે રાખવામાં આવે છે. કારણ કે અમારી સંસ્થા એટલી મોટી નથી કે અમે ૧૫ વર્ષ માટે અગાઉથી લીઝ એગ્રીમેન્ટ કરી શકીએ.આ ઉપરાંત, અમે આર્થિક રીતે પણ અગાઉથી આવો કરાર કરી શકતા નથી. અમે શરૂઆતથી જ કોમર્શિયલ અને પ્રોફેશનલ ટેક્સ ચૂકવતા આવ્યા છીએ. પરંતુ હવે મેં નું પરવાનગી પ્રમાણપત્ર માંગવામાં આવી રહ્યું છે, જે તમામ સ્થળોએ શક્ય નથી અને પ્રી-સ્કૂલનું ટર્નઓવર રાજ્ય સરકારના નિયમોની તમામ માંગણીઓને પહોંચી વળવા માટે એટલું ઊંચું નથી, તેથી અમે બધા સાથે મળીને પૂર્વ-શાળાનું ટર્નઓવર કરીએ છીએ. એક દિવસ માટે શાળાઓ – તેઓ શાળાઓ બંધ કરવાનો નિર્ણય લેવા જઈ રહ્યા છે અને મુખ્યમંત્રી અને શિક્ષણ મંત્રીને આવેદન પાઠવશે.

## તમામ વૃદ્ધોને સામાજિક આર્થિક સ્થિતિને ધ્યાનમાં આવરી લેવામાં આવશે

# ગાંધીનગરમાં તમામ ૧૬,૦૦૦ વડીલોને ૩૧ ડિસેમ્બર સુધીમાં વય વંદના કાર્ડ અપાશે

**આર્થિક-સામાજિક સ્થિતિને ધ્યાને રાખ્યા વગર ૭૦ વર્ષથી વધુ વયના ૧૨,૦૦૦ લાભાર્થીને વય વંદના કાર્ડ મળ્યાં**

ગાંધીનગર,તા.૩

૭૦ વર્ષથી વધુના વડીલો માટે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત વય વંદના યોજનાનો અમલ સમગ્ર દેશમાં થઈ રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીએ જાહેર કરેલી આ યોજનામાં ૭૦ વર્ષથી વધુના વયના તમામ વૃદ્ધોને સામાજિક આર્થિક સ્થિતિને ધ્યાનમાં આવરી લેવામાં આવશે. ગાંધીનગર મ્યુનિ. વિસ્તારમાં કુલ ૧૬૦૦૦થી વધુ વડીલો નોંધાયેલા છે. આ તમામને ૩૧ ડિસેમ્બર સુધીમાં વય વંદના કાર્ડ આપવાનું આયોજન હાથ ધરાયું છે. ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર મીરાબેન પટેલની પ્રેરણાથી મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા સેક્ટરો તથા ગ્રામ્ય વિસ્તાર અને સોસાયટી વિસ્તારમાં કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કાર્ડનો ઉપયોગ સરકાર માન્ય તમામ PMJAY સંલગ્ન હોસ્પિટલમાં થઈ શકશે. અગાઉથી PMJAYના કાર્ડ મળ્યા હોય તેમણે નવીન કાર્ડ કઢાવવાની જરૂર નથી.ગાંધીનગર મહાનગરપાલિકામાં કુલ ૧૬૦૦૦થી વધુ લાભાર્થી નોંધાયેલ છે, જેમાંથી ૫૦૦૦ વ્યક્તિઓના કાર્ડ યોજના પહેલા જ કાઢવામાં આવેલ છે તેમજ હાલમાં યોજના લાગુ થયેથી અત્યાર સુધીમાં ૭,૦૦૦ થી વધુ કાર્ડ કાઢવામાં આવેલ છે. આમ ૧૨,૦૦૦ જેટલા વ્યક્તિઓના કાર્ડ નીકળી ગયા છે અને બાકી રહેતા ૫૦૦૦ લાભાર્થીઓના ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ પહેલા વયવંદના કાર્ડ આપવા મેયરે સૂચના આપી છે.

## ભૂપેન્દ્ર પટેલનું નેશનલ ફેડરેશન ઓફ ધ બ્લાઈન્ડ ગુજરાત બ્રાંચ દ્વારા સન્માન

# આંતરરાષ્ટ્રિય દિવ્યાંગ દિવસ,પ્રજ્ઞાચક્ષુઓએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રત્યક્ષ મુલાકાત લીધી

**લોકોનો દ્રષ્ટિકોણ બદલવાના ઉદ્દાત ભાવ સાથે દર વર્ષે ત્રીજી ડિસેમ્બરે આંતરરાષ્ટ્રિય દિવ્યાંગ દિવસ ઉજવવામાં આવે છે**

ગાંધીનગર,તા.૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ગાંધીનગરમાં મુલાકાત આંતરરાષ્ટ્રિય દિવ્યાંગ દિવસના ઉપલક્ષમાં નેશનલ ફેડરેશન ઓફ ધી બ્લાઈન્ડની ગુજરાત શાખાના દસ જેટલા પ્રજ્ઞાચક્ષુઓએ લીધી હતી. દિવ્યાંગોને સમાજની મુખ્ય ધારામાં આગળ ધપાવવાં તેમજ તેમના પ્રત્યેનો લોકોનો દ્રષ્ટિકોણ બદલવાના ઉદ્દાત ભાવ સાથે દર વર્ષે ત્રીજી ડિસેમ્બરે આંતરરાષ્ટ્રિય દિવ્યાંગ દિવસ ઉજવવામાં આવે છે.સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૨૦૨૪ના આ વર્ષના આંતરરાષ્ટ્રિય દિવ્યાંગ દિવસની થીમ "સમાવિષ્ટ અને ટકાઉ ભવિષ્ય માટે દિવ્યાંગ વ્યક્તિઓના નેતૃત્વને વધુ વિસ્તૃત બનાવવું" રાખવામાં આવેલી છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દ્રષ્ટિવંત અને સંવેદનાસ્પર્શી નેતૃત્વમાં રાજ્ય સરકારે આ થીમને અનુરૂપ એક અભિગમ અપનાવ્યો છે.મુખ્યમંત્રીના આ અભિગમ અનુસાર રાજ્ય સરકારની સેવાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે સ્પેશ્યલ રિક્રુટમેન્ટ ડ્રાઈવ-ખાસ ભરતી ઝુંબેશ હાથ ધરીને નિયમાનુસાર સમગ્રતયા અંદાજે ૨૧ હજારથી વધુ જગ્યાઓ પર દિવ્યાંગ વ્યક્તિઓની આવનારા વર્ષોમાં ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દર્શાવેલી આ સંવેદના માટે નેશનલ ફેડરેશન ઓફ ધી બ્લાઈન્ડની ગુજરાત શાખાના પ્રજ્ઞાચક્ષુઓએ મુખ્યમંત્રીને ગાંધીનગરમાં આંતરરાષ્ટ્રિય દિવ્યાંગ દિવસે પ્રત્યક્ષ મળીને તેમનું સન્માન કર્યુ હતું અને આભાર પ્રગટ કર્યો હતો. આ વેળાએ ફેડરેશનની ગુજરાત બ્રાંચના પ્રેસિડેન્ટ અને જનરલ સેક્રેટરી સહિતના પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શારીરિક કે માનસિક અશક્ત વ્યક્તિ પ્રત્યે સંવેદના દાખવીને વિકલાંગ વ્યક્તિઓને 'દિવ્યાંગ' જેવું સન્માનજનક નામ આપ્યું છે.૨૦૧૬માં વડાપ્રધાનના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે દિવ્યાંગજનોના અધિકારો માટે દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-૨૦૧૬ પણ પસાર કર્યો છે, અને દિવ્યાંગજનોને સુરક્ષા પ્રદાન કરવામાં આવે છે. એટલું જ નહિ કેન્દ્ર અને રાજ્ય સરકારે દિવ્યાંગો માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે.

## દાહોદના ઝાલોદમાં આંદોલન શરૂ કર્યું

# ભારતમાલા પ્રોજેક્ટનો વિરોધ, ૧૪ ગામના ખેડૂતોએ શરૂ કર્યું આંદોલન

**કેન્દ્ર સરકાર ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ વિવિધ જગ્યાએ નવા હાઈવે બનાવી રહી છે**

દાહોદ,તા.૩

ભારતમાલા પ્રોજેકટ અંતર્ગત દેશમાં અનેક જગ્યાએ ઝડપી પરિવહન માટે હાઈવેનું નિર્માણ થઈ રહ્યું છે. દિલ્લીથી મુંબઈ વચ્ચે હાઈવેનું નિર્માણ થઈ રહ્યું છે, આ હાઈવે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં થઈને પસાર થવાનો છે. પરંતુ જમીન સંપાદન અને ત્યારપછી યોગ્ય સુવિધાઓ તંત્ર તરફથી સ્થાનિકોને ન મળતાં ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે. આવો જ એક વિરોધ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં જોવા મળ્યો..જ્યાં ૧૪ તાલુકાના ગામ લોકોએ ઉગ્ર પ્રદર્શન કર્યું.

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકા ૧૪ ગામના ખેડૂતો છે વિરોધ કરી રહ્યાં છે. ખેડૂતોનો આક્ષેપ છે કે ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત બની રહેલા હાઈવેને કારણે તેમને કોઈ પ્રાથમિક સુવિધા નથી મળતી...અગાઉ અનેક વખત રજૂઆત કરવામાં આવી છતાં તંત્રએ કોઈ જ સુવિધા આપી નથી.પ્રાથમિક સુવિધા અને કેટલીક પડતર માગણીઓ સાથે ખેડૂતોએ આવેદનપત્ર આપ્યું હતું. હાઈવનું નિર્માણ થતાં ખેડૂતોને પ્રાથમિક સુવિધાઓ પણ મળતી નથી...જેના કારણે ખેડૂતો રોષે ભરાયા હતા અગાઉ પણ આ જ મુદ્દે પ્રદર્શન કરવામાં આવ્યું હતું.પરંતુ તે વખતે અધિકારીઓએ બાહેંધરી આપી પ્રદર્શન અટકાવ્યું હતુ.જો કે બાહેંધરી પછી પણ કોઈ સુવિધા ન મળતાં આ વખતે ખેડૂતો વધારે આક્રોશિત થયા હતા અને પ્રદર્શન કર્યું હતું...રોષે ભરાયેલા ખેડૂતોએ ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત બની રહેલા હાઈવેનું કામ બંધ કરાવી દીધું હતું.ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત દિલ્લીથી મુંબઈ વચ્ચે હાઈવેનું નિર્માણ થઈ રહ્યું છે.આ હાઈવે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લામાં થઈને પસાર થવાનો છે.પરંતુ જ્યારથી આ હાઈવેનું નિર્માણકાર્ય શરૂ થયું ત્યારથી જ વિવાદમાં રહ્યું છે.પહેલા જમીન સંપાદનમાં વિવાદ થયો હતો.જોકે માંડ માંડ તે મામલો પત્યો તો હવે હાઈવેના નિર્માણકાર્યથી સ્થાનિક ખેડૂતોને થતી હેરાનગતિને કારણે વિરોધ થઈ રહ્યો છે.ત્યારે હવે જોવાનું રહેશે કે વિરોધના આ વંટોળનો અંત ક્યારે આવે છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## કુડાસણમાં લાઇબ્રેરી અને PHCનું ડિસેમ્બરમાં લોકાર્પણ કરવા સૂચના

# ગાંધીનગરમાં વિકાસકાર્યોમાં વિલંબ એક્સેસ બિલ સામે મેયરની લાલ આંખ

**નવા ફાયર સ્ટેશનનું નિર્માણ જાન્યુઆરી સુધીમાં પૂરું કરવા તાકિદ**

ગાંધીનગર,તા.૩

ગાંધીનગરમાં સંખ્યાબંધ વિકાસ કાર્યો ચાલી રહ્યાં છે. મોટાભાગના વિકાસ કાર્યોમાં નિયત સમયમર્યાદામાં કામ પૂરું થતું નથી. વળી, કામ પૂરું થતાં પહેલાં ટેન્ડરમાં અન્ય કામ ઉમેરવાના કે અન્ય કારણોસર ટેન્ડરની મૂળ રકમની સરખામણીએ ખર્ચ વધી જાય છે અને એક્સેસ બિલનાં ચૂકવણાં કરાય છે. મેયર મીરાબેન પટેલે સોમવારે સંખ્યાબંધ વિકાસ કાર્યોની સાઈટ પર ઓચિંતી મુલાકાત લઈ વિકાસ કાર્યોમાં સમયમર્યાદામાં પૂર્ણ કરવા અને માનીતા કોન્ટ્રાક્ટરો માટે એક્સેસ બિલો મંજૂર કરવાની પ્રવૃત્તિ રોકવા તાકિદ કરી હતી.

મેયરે સિટી એન્જિનિયર તથા એન્જિનિયરિંગ શાખાને સાથે રાખી રક્ષાશક્તિ સર્કલથી સરગાસણ ચોકડી તરફના સર્વિસ રોડ ડેવલોપમેન્ટની કામગીરીની મુલાકાત લીધી. મેયરે ફૂટપાથ, પાર્કિંગ, સ્ટ્રોમ વોટર, સ્ટ્રીટ લાઈટ, લેન્ડસ્કેપિંગ, બેઠક વ્યવસ્થા સહિત તમામ મુદ્દે કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું. નાગરિકોની સુખાકારી જળવાય અને કરોડો રૂપિયાનો ખર્ચ એળે ન જાય તેની તકેદારી રાખવા અને ટેન્ડરમાં નિયત ગુણવત્તા સાથે કામગીરી સંપન્ન થાય તે માટે એન્જિનિયર સહિત અધિકારી-કર્મચારીઓને સૂચના આપી હતી. કુડાસણ ખાતે લાઈબ્રેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે. લાઈબ્રેરીના બિલ્ડિંગમાં ફર્નિચર વર્ક, ઓડિયો વિઝ્યુઅલ રૂમ વગેરે તૈયાર છે, પરંતુ તેનું લોકાર્પણ થઈ શકે તેવી સ્થિતિ નથી. મેયરે એકાદ અઠવાડિયામાં લાઈબ્રેરીનું લોકાર્પણ થઈ શકે તે માટે ઝડપથી કામગીરી સંપન્ન કરવા સૂચના આપી હતી. આ લાઈબ્રેરીમાં કુડાસણ સહિત આસપાસના વિસ્તારના વિદ્યાર્થી, વ્યાવસાયિક કે સામાન્ય વ્યક્તિ માટે મફત શિક્ષણ અને મનોરંજન સહિતની સુવિધાઓ મળી રહેશે.

વાવોલથી સરગાસણ આવતી કાંસની બંને બાજુ સર્વિસ રોડ ડેવલોપમેન્ટ થઈ રહ્યું છે. નિયત સમયમર્યાદામાં આ કામગીરી પ્લાન મુજબ પૂર્ણ કરવા મેયરે સૂચના આપી હતી. કુડાસણ ખાતે નવનિર્મિત આયુષ્યમાન આરોગ્ય મંદિરની મુલાકાત લીધી. આ દરમિયાન કમ્પાઉન્ડ વોલ, મેડિકલ સાધનો, આર.સી.સી. રોડ, પેવર બ્લોક, ઈલેક્ટ્રીક સાધનો સહિત તમામ કામગીરી ઓર્ડર મુજબ થઈ હોવાની માહિતી મેળવી હતી અને ડિસેમ્બર મહિનો પૂરો થતાં પહેલાં આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરવા તાકિદ કરી હતી. સરગાસણ ખાતે ફાયર સ્ટેશન બિલ્ડીંગ & ઓફીસ અને સ્ટાફ ક્વાર્ટરની કામગીરી નિયત સમયમાં પૂરી થઈ શકી નથી. મેયરે ફાયર સ્ટેશનની કામગીરી બે મહિનામાં પૂરી કરવા જણાવ્યુ હતું. આ વિવિધ સ્થળે મુલાકાત દરમિયાન મેયરે સ્થાનિક નાગરિકો સાથે સંવાદ કર્યો હતો. મ્યુનિ. અધિકારીઓને ગુણવત્તામાં બાંધછોડ નહીં કરવા અને સમયમર્યાદામાં કામ પૂરા કરવા સૂચના આપી હતી.

# શાખપુર : ખોડીયાર મંદિરે નવચંડી યજ્ઞનું આયોજન



દામનગર, તા. ૩

લાઠી તાલુકાના શાખપુર ગામમાં આવેલ ખોડિયાર માતાજીના મંદિરે તા. ૮/૧૨/૨૪ ને રવિવારના સમસ્ત સા.ચા. એ. ગૌભિલ ત્રિવેદી પરિવાર દ્વારા ૧૭માં નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. સવારના સવા સાત કલાકે યજ્ઞનો પ્રારંભ થશે. બપોરના સાડા બાર કલાકે શ્રીફળ હોમવામાં આવશે. મુખ્ય યજમાન પદે હર્ષદભાઈ શાંતિલાલ ત્રિવેદી સેવા આપશે.

## અવસાન નોંધ

**રાજકોટ :** સ્વ. વશરામભાઈ નરશીભાઈ બારૈયા (ઉ.વ. ૯૦) તેઓ નાથાભાઈ અને ધર્મેશભાઈના પિતાશ્રી તથા તર્કભાઈનાં દાદાનું તા. ૩/૧૨/૨૪ને મંગળવારનાં રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૫/૧૨/૨૪ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ તેમના નિવાસ સ્થાને "જય સીયારામ", આસોપાલવ મેઈન રોડ, અલ્પા ફર્નિચર વાળી શેરી, ચંદ્રેશનગર મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૨૫ | ૧૧૯૯ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૦૫૫ | ૧૨૫૬ |
| ૩ | શિંગ મોટી | ૮૩૦ | ૧૨૫૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૬૫ | ૧૨૫૦ |
| ૫ | તલ સફેદ | ૧૬૮૦ | ૨૮૨૦ |
| ૬ | તલ કાળા | ૩૬૦૦ | ૪૫૭૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૨૭૬ | ૩૨૭૬ |
| ૮ | બાજરો | ૪૬૫ | ૫૯૦ |
| ૯ | જુવાર | ૪૮૦ | ૮૨૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૮૧ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૬૦ | ૬૨૭ |
| ૧૨ | અડદ | ૮૦૦ | ૧૫૩૦ |
| ૧૩ | ચણા | ૬૦૦ | ૧૩૨૧ |
| ૧૪ | કપાસ | ૮૫૦ | ૧૪૬૨ |
| ૧૫ | એરંડા | ૧૦૯૨ | ૧૨૨૯ |
| ૧૬ | જીરૂ | ૨૦૦૦ | ૪૪૧૦ |
| ૧૭ | ધાણા | ૮૭૫ | ૧૪૦૦ |
| ૧૮ | મેથી | ૯૧૦ | ૧૧૧૭ |
| ૧૯ | સોયાબીન | ૬૫૦ | ૮૨૮ |
| ૨૦ | રજકા બી | ૨૧૦૦ | ૫૩૭૦ |
| ૨૧ | મરચા લાંબા | ૬૦૦ | ૨૬૦૦ |

### તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ – જાફરાબાદનીની કોર્ટમાં

જન્મ–મરણ અરજી નં. ૨૨૮/૨૦૨૪

**અરજદાર :** (૧) શ્રી પોલાભાઈ ગાંડાભાઈ સોલંકી
સરનામું : મું.પીપળીકાંઠા વિસ્તાર, જાફરાબાદ, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફીસરશ્રી–જાફરાબાદ, મું. જાફરાબાદ, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના જાફરાબાદ તાલુકાના જાફરાબાદ ગામના **શ્રી પોલાભાઈ ગાંડાભાઈ સોલંકી** એ તેમની **પુત્રી નામે શ્રી રખમાયબેન પોલાભાઈ સોલંકી નો જન્મ તા. ૦૧/૦૧/૧૯૮૦** ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમનાં વકીલ **શ્રી મહેશભાઈ જે. બારૈયા મારફત** અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળા જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટિસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૨૯ માહે.નવેમ્બર સને.૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ :– જાફરાબાદ**
**તારીખ :– ૨૯/૧૧/૨૦૨૪**

**તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ જાફરાબાદ**

### જાહેર નોટિસ

**અમરેલીના મહે.પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ સાહેબશ્રીની કોર્ટમાં, રૂમ નં.૧૦૧**
**મુકામ : અમરેલી**

દિવાની પરચૂરણ અરજ નં.૨૧/૨૦૨૪
મુદત તારીખ : ૧૯/૧૨/૨૦૨૪
અરજદાર તરફે એડવોકેટશ્રી આર.બી.કમાણી

**અરજદાર :** હંસાબેન જયંતિભાઈ વસાણીયા
ઉ.વ.૬૫, ધંધો–ખેતી/ઘરકામ,
રહે.ગળકોટડી, તા.બાબરા, જિ.અમરેલી

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :–** (૧) મનસુખભાઈ નાગજીભાઈ આખજા (ઉ.વ.૭૦)
(૨) મંજુલાબેન મનસુખભાઈ આખજા (ઉ.વ.૬૫)
રહે. બન્ને મતીરાળા, તા.લાઠી, જિ.અમરેલી.

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસ આપી જણાવવામાં આવે છે કે, આ કામનાં **અરજદાર હંસાબેન જયંતિભાઈ વસાણીયાના**ઓએ અત્રેની અદાલતમાં ધ હિન્દુ એડોપ્શન એન્ડ મેઈન્ટેનન્સ એકટની સેકશન–૯ મુજબ દિવાની પરચુરણ અરજી કરેલ છે. જે મુજબ અરજદારના પતિ તથા પુત્રનું અવસાન થયેલ છે. અને અરજદારને તે સિવાય કોઈ સંતાન ન હોય, આ કામનાં સામાવાળાઓના **પુત્ર મનોજ**ને અરજદાર દતક લેવા માંગતા હોય, જેથી તે અંગે આ કામનાં અરજદાર અને તેમનાં કુંટુંબિજન આ કામનાં સામાવાળાઓ વચ્ચે ઘરમેળે દતક વિધાન તૈયાર કરી, સદર દતક વિધાનના દસ્તાવેજની નોંધણી સબરજીસ્ટ્રાર કચેરી, અમરેલીમાં સાક્ષીઓ રૂબરૂ કરાવેલ હોય, તે મુજબ અરજદારે દતક લીધેલ પુત્ર **'મનોજ'**ના દતક માતા તરીકે અને વાલી તરીકે નિમણુંક કરવા તથા અરજદારને **'મનોજ'**ના દતક માતા તરીકે જાહેર કરવા અંગેનો આદેશ કરવા આ અરજી કરેલ હોય, જે અરજીની સામે કોઈને વાંધો તકરાર હોય, તેઓએ તેમના આધાર પુરાવા સાથે મુદત તારીખ : **૧૯/૧૨/૨૦૨૪** ના રોજ અત્રેની કોર્ટમાં ૧૦–૪૫ કલાકે હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર થશે તો નામ.કોર્ટ આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરશે જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

આજ તા.૩ જી, માહે – ડીસેમ્બર, સને – ૨૦૨૪ના રોજ મારી સહી તથા સીક્કો કરીને આપ્યા.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | સિક્કો | હુકમથી |
|---|---|---|---|
| (એચ.ડી.વસાવડા) સીની.કલાર્ક(સીવીલ) પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ કોર્ટ, અમરેલી | (એચ.ડી.વસાવડા) હેડકલાર્ક (સીવીલ) પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ કોર્ટ, અમરેલી | | (એમ.એન.મકવાણા) બેન્ચ કલાર્ક, ગ્રેડ–૧ પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ કોર્ટ, અમરેલી |

## અમરેલીનાં જેસીંગપરા વિસ્તારમાં

પાના ૮ ઉપરનું ચાલું

કૈલાશભાઈએ અજાણ્યા ચોર ઈસમો વિરૂપ્રધ અમરેલી રૂરલ પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.બી.ટીમ દ્વારા ચોક્કસ બાતમી હકિકત આધારે ચોરીના મોબાઈલ ફોન સાથે મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ અમરેલી તાલુકાના નવા ખીજડીયા ગામની સીમ રહેતા ફુલસિંહ ઉર્ફે સુરસિંહ ચમરાભાઈ મકવાણા તથા અજયબિરસિંહ વસુનીયા નામનાં બે પરપ્રાંતીય ઈસમોને એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ ૩ કિમત રૂપિયા ૧૪,૦૦૦ તથા એક મોટર સાયકલ નં. જી.જે.૦૭.બી.એલ. ૯૫૮૫ કિમત રૂ.૨૫,૦૦૦ મળી કુલ રૂપિયા ૩૯,૦૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી, ઘરફોડ ચોરીનો અનડીટેકટ ગુનો ડીટેકટ કરવામાં એલ.સી.બી. ટીમને સફળતા મળેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૪ | ૧૪૬૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૦ | ૧૪૮૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૧૩૬ | ૧૧૭૪ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૪૦ | ૧૦૬૦ |
| ૫ | અડદ | ૧૧૬૦ | ૧૨૮૦ |
| ૬ | ઘઉં | ૫૧૫ | ૫૯૫ |
| ૭ | તલ સફેદ | ૨૧૩૦ | ૨૨૮૦ |
| ૮ | તલ કાળા | ૩૨૧૫ | ૪૧૨૫ |
| ૯ | જીરૂ | ૪૦૦૫ | ૪૪૬૫ |
| ૧૦ | સોયાબીન | ૭૮૦ | ૮૦૦ |
| ૧૧ | ચણા | ૧૧૪૫ | ૧૩૫૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૧ | ૧૧૬૫ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૨૩૧ |
| ૩ | તલ સફેદ | ૨૦૩૦ | ૨૬૪૨ |
| ૪ | જીરૂ | ૪૩૫૫ | ૪૫૮૦ |
| ૫ | કપાસ | ૧૩૦૦ | ૧૪૫૩ |
| ૬ | ઘઉં લોકવન | ૬૦૦ | ૬૫૮ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૪૪ |
| ૮ | બાજરો | ૫૮૯ | – |
| ૯ | જુવાર | ૭૦ | – |
| ૧૦ | અડદ | ૮૦૦ | ૧૨૨૫ |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૧૨ | ધાણા | ૧૦૯૫ | ૧૨૦૦ |
| ૧૩ | સોયાબીન | ૭૫૦ | ૮૨૫ |

### તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ – જાફરાબાદનીની કોર્ટમાં

જન્મ–મરણ અરજી નં. ૨૨૫/૨૦૨૪

**અરજદાર :** (૧) શ્રી બાબુભાઈ જાદવભાઈ પડસાળા
સરનામું : મું.હેમાળ, જાફરાબાદ, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી – હેમાળ, મું. હેમાળ, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના જાફરાબાદ તાલુકાના હેમાળ ગામના **શ્રી બાબુભાઈ જાદવભાઈ પડસાળાએ તેમના પુત્ર નામે શ્રી મયુરભાઈ બાબુભાઈ પડસાળાનો જન્મ તા. ૨૯/૦૬/૧૯૮૭** ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમનાં વકીલ **શ્રી મહેશભાઈ જે. બારૈયા મારફત** અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટિસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૨૯ માહે.નવેમ્બર સને.૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ :– જાફરાબાદ**
**તારીખ :– ૨૯/૧૧/૨૦૨૪**

**તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ જાફરાબાદ**

### Supritendent Dist.& Session Court-Nashik

Adv F.B.Sayyed
Advocate Nashik

**M.A.C.P. No.1120/2022**

**IN THE COURT OF HON'BLE MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, AT-NASHIK**
**(District Judge & Addl. Sessions Judge, Shri.P.M.Badar Saheb Nashik)**

**Madhuri Jeevan Mali**
Through N/G Jeevan Sahebrao Mali
R/o-At.Post.Dasvel, Tal. Satana, Dist. Nashik. **Applicant**

**V/s**

**Rajeshbhai Narashibhai Vanpariya**
R/o : Liliya Street, Opp. Amazone Park,
Silvershine Complex, Shop No.11,
Amreli, Gujarat-365601. **Opponent**

The applicant was Injured in an accident occurred on 10-09-2022 because of rash and negligent driving of driver of Luxury Bus No.GJ-03-W9627 within the limits of Navapur Police Station. Therefore applicant has filed a claim for compensation against owner of Luxury Bus i.e.opp.No.1 and opp no.2 the insurance company.

In spite of sending notices again & again through court and also through R.P.A.D the opp.No.1 has failed to remain present before this Hon'ble court. The last known address of Opp.No.1 to the applicant is mentioned above.

Therefore you i.e. Opp. No.1 is hereby directed to remain present before this H'onble court either personally or through advocate on 24-01-2025 At 10:30 a.m. otherwise the matter would be heard ex-parte.

**Given by my sign & seal on 28-11-2024**

**By Order,**

| Clerk Dist.& Session Court - Nashik | seal of court | Supritendent Dist.& Session Court - Nashik |
|---|---|---|

## શિયાળાની કડકડતી ઠંડીનો પ્રારંભ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં શિયાળાની શરૂઆતી સીઝનમાં પડતી ઠંડીમાં લોકો ઠુંઠવાયા. વ્હેલી સવારે પડતી ઠંડીથી તાપણું કરી લોકો રક્ષણ મેળવી રહ્યા છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૦૨ |
| ૨ | મગફળી | ૮૧૧ | ૧૦૨૦ |
| ૩ | ઘઉં | ૫૭૫ | ૫૯૯ |
| ૪ | ચણા | ૧૧૮૭ | ૧૩૦૦ |
| ૫ | જીરૂ | ૪૩૨૫ | ૪૩૨૫ |
| ૬ | બાજરો | ૪૩૫ | ૪૩૫ |
| ૭ | સોયાબીન | ૬૭૬ | ૮૧૨ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૭૪ |
| ૨ | ઘઉં લોકવન | ૪૯૦ | ૫૭૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૫૯૫ |
| ૪ | જુવાર | ૭૧૭ | ૭૨૫ |
| ૫ | સોયાબીન | ૫૫૦ | ૮૨૧ |
| ૬ | મગફળી | ૬૦૦ | ૯૦૪ |
| ૭ | ચણા | ૧૦૫૫ | ૧૨૪૫ |
| ૮ | તલ સફેદ | ૧૬૪૫ | ૨૨૪૫ |
| ૯ | ધાણા | ૧૩૫૦ | ૧૪૧૦ |
| ૧૦ | ચણા સફેદ | ૧૦૩૦ | ૧૦૩૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | મગ | ૧૨૮૦ | ૧૨૮૦ |
| ૧૩ | અડદ | ૧૨૧૫ | ૧૨૮૦ |
| ૧૪ | મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| ૧૫ | બાજરો | ૫૭૨ | ૫૭૨ |

### તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ – જાફરાબાદનીની કોર્ટમાં

જન્મ–મરણ અરજી નં. ૨૨૭/૨૦૨૪

**અરજદાર :** (૧) શ્રી સુરેશભાઈ લાલજીભાઈ સાવલીયા
સરનામું : મું.મોટામાણસા, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી – મોટામાણસા, મું. મોટામાણસા, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના જાફરાબાદ તાલુકાના મોટામાણસા ગામના **શ્રી સુરેશભાઈ લાલજીભાઈ સાવલીયા** એ તેમના **ભાભી નામે સ્વ.શ્રી ગીતાબેન રમેશભાઈ સાવલીયાનું મરણ તા. ૧૫/૦૫/૧૯૯૯** ના રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમનાં વકીલ **શ્રી મહેશભાઈ જે. બારૈયા મારફત** અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળા **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટિસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૨૯ માહે.નવેમ્બર સને.૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ :– જાફરાબાદ**
**તારીખ :– ૨૯/૧૧/૨૦૨૪**

**તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ જાફરાબાદ**

### Supritendent Dist.& Session Court-Nashik

Adv F.B.Sayyed
Advocate Nashik

**M.A.C.P. No.1119/2022**

**IN THE COURT OF HON'BLE MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, AT-NASHIK**
**(District Judge & Addl. Sessions Judge, Shri.P.M.Badar Saheb Nashik)**

**Suresh Hiraman Mali**
R/o-At.Post.Nitane, Tal. Satana, Dist. Nashik **Applicant**

**V/s**

**Rajeshbhai Narashibhai Vanpariya**
R/o : Liliya Steet, Opp. Amazone Park,
Silvershine Complex, Shop No.11,
Amreli, Gujarat-365601. **Opponent**

The applicant was Injured in an accident occurred on 10-09-2022 because of rash and negligent driving of driver of Luxury Bus No.GJ-03-W9627 within the limits of Navapur Police Station. Therefore applicant has filed a claim for compensation against owner of Luxury Bus i.e.opp.No.1 and opp no.2 the insurance company.

In spite of sending notices again & again through court and also through R.P.A.D the opp.No.1 has failed to remain present before this Hon'ble court. The last known address of Opp.No.1 to the applicant is mentioned above.

Therefore you i.e. Opp. No.1 is hereby directed to remain present before this H'onble court either personally or through advocate on 24-01-2025 At 10:30 a.m. otherwise the matter would be heard ex-parte.

**Given by my sign & seal on 28-11-2024**

**By Order,**

| Clerk Dist.& Session Court - Nashik | seal of court | Supritendent Dist.& Session Court - Nashik |
|---|---|---|

# સાવરકુંડલા : શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજનું ગૌરવ



સાવરકુંડલા, તા. ૩

શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી. ડી.ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ સાવરકુંડલાની વિદ્યાર્થીની કૃપાલી નિમાવત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ આયોજિત આંતર કોલેજ આર્ચરી (તિરંદાજી) સ્પર્ધા મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઉપલેટાના સ્પોર્ટસ ગ્રાઉન્ડ ખાતે યોજાઈ હતી. જેમાં કૃપાલી નિમાવતે સેકન્ડ નંબર પ્રાપ્ત કરી સિલ્વર મેડલ મેળવી કોલેજનું ગૌરવ વધાર્યુ છે. આગામી તા.૨૧ ડીસેમ્બરના તેઓ ઓરિસ્સાના ભુવનેર ખાતે ઓલ ઈન્ડિયા આર્ચરી (તીરંદાજી) ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરશે. કાલેજના પ્રિન્સિપાલ ચાવડા, ટ્રસ્ટના પ્રમુખ ચંદ્રિકાબેન કામદાર ઘેલાણી, ઉપપ્રમુખ કનુભાઈ ગેડીયા મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા તેમજ સ્ટાફ પરિવારે કૃપાલી નિમાવતને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૨૬ | ૧૪૭૫ |
| ૨ | મગફળી | ૯૨૬ | ૧૧૩૭ |
| ૩ | સોયાબીન | ૭૮૧ | ૭૯૯ |
| ૪ | જીરૂ | ૪૨૦૦ | ૪૨૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૫૧ | ૧૦૯૧ |
| ૨ | તલ સફેદ | ૨૦૫૦ | ૨૬૦૦ |
| ૩ | તલ પીળા | ૨૮૨૮ | ૨૮૨૮ |
| ૪ | કપાસ | ૧૩૫૦ | ૧૪૬૦ |
| ૫ | બાજરો | ૫૨૬ | ૭૫૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૪૬ |
| ૭ | જુવાર | ૬૫૦ | ૮૧૦ |
| ૮ | મગ | ૨૦૨૦ | ૨૪૨૫ |
| ૯ | મઠ | ૧૧૮૧ | ૧૩૫૦ |
| ૧૦ | અડદ | ૧૨૭૫ | ૧૫૦૨ |
| ૧૧ | ચણા | ૧૧૦૧ | ૧૫૦૧ |
| ૧૨ | જીરૂ | ૩૯૩૯ | ૪૩૫૦ |
| ૧૩ | સોયાબીન | ૬૦૧ | ૮૧૦ |
| ૧૪ | અજમા | ૧૫૦૦ | ૧૫૦૦ |

### તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ – જાફરાબાદનીની કોર્ટમાં

જન્મ–મરણ અરજી નં. ૨૨૬/૨૦૨૪

**અરજદાર :** (૧) શ્રી કરસનભાઈ ઢીસાભાઈ સોલંકી
સરનામું : મું.સીતળા માતા મંદિર પાસે, પીપળીકાંઠા, જાફરાબાદ, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફીસરશ્રી–જાફરાબાદ, મું.જાફરાબાદ, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના જાફરાબાદ તાલુકાના જાફરાબાદ ગામના **શ્રી કરસનભાઈ ઢીસાભાઈ સોલંકી** એ તેમના પોતાના **નામે શ્રી કરસનભાઈ ઢીસાભાઈ સોલંકી નો જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૦** ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમનાં વકીલ **શ્રી મહેશભાઈ જે. બારૈયા મારફત** અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળા **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટિસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૨૯ માહે.નવેમ્બર સને.૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ :– જાફરાબાદ**
**તારીખ :– ૨૯/૧૧/૨૦૨૪**

**તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ જાફરાબાદ**

### Supritendent Dist.& Session Court-Nashik

Adv F.B.Sayyed
Advocate Nashik

**M.A.C.P. No.1118/2022**

**IN THE COURT OF HON'BLE MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, AT-NASHIK**
**(District Judge & Addl. Sessions Judge, Shri.P.M.Badar Saheb Nashik)**

**Sangeeta Suresh Mali**
R/o-At.Post.Nitane, Tal. Satana, Dist. Nashik **Applicant**

**V/s**

**Rajeshbhai Narashibhai Vanpariya**
R/o : Liliya Steet, Opp. Amazone Park,
Silvershine Complex, Shop No.11,
Amreli, Gujarat-365601. **Opponent**

The applicant was Injured in an accident occurred on 10-09-2022 because of rash and negligent driving of driver of Luxury Bus No.GJ-03-W9627 within the limits of Navapur Police Station. Therefore applicant has filed a claim for compensation against owner of Luxury Bus i.e.opp.No.1 and opp no.2 the insurance company.

In spite of sending notices again & again through court and also through R.P.A.D the opp.No.1 has failed to remain present before this Hon'ble court. The last known address of Opp.No.1 to the applicant is mentioned above.

Therefore you i.e. Opp. No.1 is hereby directed to remain present before this H'onble court either personally or through advocate on 24-01-2025 At 10:30 a.m. otherwise the matter would be heard ex-parte.

**Given by my sign & seal on 28-11-2024**

**By Order,**


| Clerk Dist.& Session Court - Nashik | seal of court | Supritendent Dist.& Session Court - Nashik |
|---|---|---|

# અમરેલી જિલ્લા ગાયત્રી પરિવાર દ્વારા ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાની જીલ્લા કક્ષાની શિબિર તથા સન્માન સમારોહ યોજાયો



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર ધામ – ચલાલા ખાતે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિ કુંજ હરિદ્વાર પ્રેરિત અમરેલી જિલ્લા ગાયત્રી પરિવાર આયોજિત ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા ૨૦૨૪ની ઈલ્લા કક્ષાની શિબિર તથા સન્માન સમારોહ અને તાલુકા કક્ષાએ નંબર આવેલ વિદ્યાર્થીઓ શિબિરમાં જોડાયા હતા. સર્વ પ્રથમ સંસ્થાના વડા પુ.ડો. રતિદાદા તથા જીલ્લા પ્રમુખ અતુલભાઈ પંડયા, માગૃ દર્શક ગોવિંદભાઈ ગોંડલિયા, બિપીનભાઈ ભરાડ, યુવા પ્રમુખ ભાસ્કરભાઈ તળાવીયા સહીત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટયથી શરૂઆત થઈ હતી. આ શિબિરમાં સૌ પ્રથમ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કર્યા બાદ વિદ્યાર્થીઓની જીલ્લા કક્ષાની પરીક્ષા લેવામાં આવી હતી. જીલ્લા પરીક્ષામાં પ્રથમ, દ્વિતીફ અને તૃતીય નંબર આવેલા વિદ્યાર્થીઓનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ રાજયની પરીક્ષા માટે આગળ મોકલાશે. તેમજ સમગ્ર અમરેલી જીલ્લાના ગાયત્રી પરિવારના પરિજનો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના ડાયરેકટર ભારતભૂષણ મહેશભાઈ મહેતા આચાર્ય શીતલબેન મહેતા, તેમજ સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

## અમરેલી શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસના ખેલાડીઓએ SGFI સ્ટેટ લેવલે સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં ૧ સિલ્વર, ૨ બ્રોન્ઝ મેડલ સાથે ગૌરવ વધાર્યું



અમરેલી, તા. ૩

અમરેલી તારીખ ૨૪ થી ૨૯ નવેમ્બરનાં રોજ શાળાકીય રમોત્સવ કનાય સ્ટેટ લેવલ સ્વિમિંગ U-17, U-19 ભાઈઓ બહેનો ચેમ્પિયનશિપનું આયોજન રાજકોટ મુકામે યોજાયેલ. તેમાં સ્ટેટ વિવિધ શાળાઓમાંથી ખેલાડીઓ પાર્ટિસિપેશન કરેલ હતું, જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શાળાના ખેલાડીઓ સ્વિમિંગ રમતમાં કવોલિફાઈડ થઈ મેડલ મેળવેલ, જેમાં (૧) બારીયા વિશ્વાસ સિલ્વર મેડલ ૫૦ મીટર બેક સ્ટોક, (૨) પરમાર જયદીપ બ્રોન્ઝ મેડલ ૫૦ મીટર બટરફલાય, (૩) વાળા અર્ચના બા બ્રોન્ઝ મેડલ ૫૦ મીટર ફલાય. અનુભવી તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત–ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તે બદલ સંસ્થાનમા પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી દ્વારા ખેલાડીઓને અને કોચ પટેલ પ્રીતમભાઈ તેમજ ટ્રેનર તેમજ ટ્રેનર દીપેનભાઈ ધુતને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### નાયબ દંડક કૌશિક વેકરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં

## અમરેલીનાં દેવરાજીયા ખાતે પશુ સારવાર કેમ્પ યોજાયો

**૩૩ પશુપાલકોનાં ૯૦૪ પશુઓને સારવાર અપાઈ**



અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લા પશુપાલન શાખા તેમજ અમરેલી પશુ દવાખાના દ્વારા તાજેતરમાં, તાલુકાના દેવરાજીયા ખાતે પશુ સારવાર કેમ્પ યોજાયો હતો, આ તકે વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી–વડિયા–કુંકાવાવના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા ઉપસ્થિતિ રહ્યા હતા.

આ પ્રસંગે નાયબ મુખ્ય દંડકએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ કે, રાજય સરકાર દ્વારા પશુપાલકો માટે જાહેર કરવામાં આવેલી પશુધન વીમા યોજના ઉપયોગી છે. પશુપાલકોને નજીવી રકમ ભરી પશુઓ માટે વીમો ઉતારી શકે છે અને પ્રિમિયમની બાકી રકમ સરકાર દ્વારા ચૂકવવામાં આવશે તે બાબતો તેમણે પશુપાલકોને જણાવી હતી.

આ તકે પશુપાલન વિભાગની કામગીરીની સમીક્ષા નાયબ મુખ્ય દંડક દ્વારા કરવામાં આવી હતી. અમરેલી જિલ્લા પંચાયત નાયબ પશુપાલન નિયામકએ કહ્યુ કે, અમરેલી તાલુકામાં ૧૨ પશુ આરોગ્ય મેળાનું આયોજન કરી અંદાજે ૧૩ હજાર પશુઓ સહિત જિલ્લામાં ૧૪૪ પશુ આરોગ્ય મેળાનું આયોજન કરી આશરે ૯૯ હજાર પશુઓને પીડામાંથી મુકિત મળી છે.

દેવરાજીયા ખાતે યોજાયેલા કેમ્પમાં ૩૩ પશુપાલકોના ૯૦૪ પશુઓને વિનામુલ્યે વિવિધ સારવાર, રસીકરણ, તેમજ જરૂરી દવા પૂરી પાડવામાં આવી હતી. આ કેમ્પમાં અમરેલી જિલ્લા નાયબ પશુપાલન નિયામક ડો.એસ.બી.કનુડીયા, અમરેલી પશુ દવાખાના પશુ ચિકિત્સા અધિકારી ડો. જી.એસ.ગૌસ્વામી, પશુચિકિત્સા અધિકારી ચિતલ ડો. એ.એલ.સરવૈયા તેમજ પશુ દવાખાનાના કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા, તેમ અમરેલી પશુ દવાખાના પશુચિકિત્સા અધિકારીએ એક યાદીમાં જણાવ્યુ છે.

### ભ્રષ્ટાચાર નામની બલ્લાનો અજગરસમો ભરડો

## દામનગરમાં વિકાસનાં નામે શહેરનાં માર્ગોનો વિનાશ થતો હોય તેવું લાગે

**પાલિકાનાં શાસકોને શહેરીજનોની કોઈ ચિંતા નથી**



દામનગર, તા. ૩

વિકાસ થાય એમાં સૌ ખુશ થતાં હોય છે, જયારે આજ વિકાસ માટે વપરાતી વસ્તુઓ યોગ્ય આયોજનના અભાવે કે ઢંગધડા વગર કરાતું કામ નીકળી જાય અથવા વારંવાર ઉખડી જાય તો અકસ્માત થવાની બીક રહ્યા કરે છે. દામનગરમાં મુખ્ય બજારમાં આવેલ શ્રી રામજી મંદિરના દરવાજા સામે પેવર બ્લોક વારંવાર ઉખડી જવાથી મંદિરે આવતા દર્શનાર્થીઓ, વેપારીઓ અને વાહન ચાલકો તેમજ રાહદારીઓ એટલા બધા તંગ આવી ગયા છે કે માથાના દુઃખાવા રૂપ આ બ્લોકનાં સમારકામ માટે સ્થાનિક તંત્રને કોઈ રસ નથી..!!? ભલે લોકોનું જે થવું હોય તે થાય..!! કે પછી આ વિસ્તાર દામનગર નગરપાલિકાની હદમાં નથી આવતો..!!? એવી પણ ચર્ચા થાય છે..!!

## સાવરકુંડલાનાં વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં અગ્રેસર



સાવરકુંડલા, તા. ૩

તાજેતરમાં "ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા" અંતર્ગત ચલાલા ગાયત્રી સંસ્કાર વિદ્યાલય મુકામે યોજાયેલ જિલ્લા કક્ષાની "ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા" અંતર્ગત જેસર રોડ ગુરૂકુળના વિદ્યાર્થી વાઘેલા ખુશ ઉંદયભાઈએ તૃતીય સ્થાન પ્રાપ્ત કરીને ફરીવાર જેસર રોડ ગુરૂકુળ નું નામ જિલ્લા કક્ષાએ રોશન કર્યુ છે. આ માટે શાળાના આચાર્ય ગીરીશભાઈ વ્યાસ તથા અન્ય તમામ ગુરૂજનોના માર્ગદર્શન અને મહેનતને આભારી છે.

## ખેલમહાકુંભ 3.0 – વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા રજિસ્ટ્રેશન કરવું

અમરેલી, તા. ૩

સ્પોટર્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા ખેલમહાકુંભ ૩.૦નું આયોજન છે. શાળા, ગ્રામ્ય તાલુકા, ઝોન કક્ષા, જિલ્લા–મહાનગર પાલિકા, ઝોન કક્ષા (ટીમ રમત) અને રાજય કક્ષાની વિવિધ સ્પર્ધા યોજાશે.

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત શાળા કક્ષાએ અંડર–૯, અંડર–૧૧, અંડર–૧૪ અને અંડર–૧૭ની વયજૂથમાં એથ્લેટિકસ રમતમાં તમામ શાળાઓએ ફરજિયાત ભાગ લેવાનો રહેશે. નિયત વયજૂથના તમામ ખેલાડીઓ સ્પર્ધામાં ભાગ લેવા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન https://khelmahakumbh.guarat gov.in પર ડિસેમ્બર ૨૪ની તા. ૫ થી તા. ૨૫ સાંજે ૬.૦૦ વાગ્યા સુધીમાં કરવું. પ્રત્યેક ખેલાડી મહત્તમ બે રમતમાં જ ભાગ લઈ શકશે.

અંડર–૯, અંડર–૧૧, અંડર–૧૪ અને અંડર–૧૭ના ગ્રુપના ખેલાડીઓએ જે–તે શાળામાંથી રજિસ્ટ્રેશન ફરજિયાત કરવું કોલેજમાં અભ્યાસ કરતા ખેલાડીઓએ ઓનલાઈન અથવા કોલેજ મારફતે રજિસ્ટ્રેશન કરાવવું, અભ્યાસ ન કરતા ખેલાડીઓએ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર પરથી પોતાના વયજૂથ પ્રમાણે રજિસ્ટ્રેશન કરવું. સ્પર્ધામાં ભાગ લેવા માટેની વય મર્યાદાની કટઓફ ડેટ તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ છે.

જે કક્ષાએથી સ્પર્ધા શરૂ થાય ત્યાં ટીમ રમતમાં માત્ર એક જ શાળાના વિદ્યાર્થીઓની ટીમ હોવી જોઈએ અને આચાર્ય અને શાળાનો કોડ નંબર એક હોવો જોઈએ અને બોનાફાઈડ વિદ્યાર્થીઓ હોવા જોઈએ.

રજિસ્ટ્રેશન કરતી વખતે જન્મ તારીખ સાચી દર્શાવી જો ખોટી જન્મ તારીખ હોવા અંગેની જાણ થશે તો સ્પર્ધક ૩ વર્ષ સુધી સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહી. એક જિલ્લામાંથી બે જ રમતમાં ભાગ લઈ શકાશે. ખેલાડી ગુજરાત રાજયનો વતની હોવો જોઈએ અથવા ગુજરાત રાજયમાં બે વર્ષથી અભ્યાસ, નોકરી અથવા વ્યવસાયથી નિવાસ કરતો હોવો જોઈએ જેના આધાર પ્રમાણપત્ર રજૂ કરવા.

શાળા–કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી તાલુકા અને જિલ્લામાંથી ભાગ લઈ શકશે. સ્પર્ધા દરમિયાન આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ, બોનાફાઈડ અને બેંકની પાસબુકની નકલ સાથે રાખવી.

રજિસ્ટ્રેશનને લગતી કોઈ પણ સમસ્યા બાબતે ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૭૪૬૧૫૧ પર સંપર્ક કરવો તેમ અમરેલી જિલ્લા રમત વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### ધારાસભ્ય જનક તળાવિયાની જહેમતથી

## બાબરાનાં રાયપર અને અમરવાલપુર ખાતે સુવિધાપથ મંજૂર થયો

**ગ્રામજનો અને વાહનચાલકોમાં ખુશીનો માહોલ**

બાબરા, તા. ૩

તાજેતરમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરી હતી જે અન્વયે બાબરા તાલુકાના ઉંટવડ રાયપર રોડને જોડતો રાયપર ગામે સી.સી. રોડ બનાવવા માટે સરકાર દ્વારા રૂા. ૪૦ લાખ મંજુર કરવામાં આવ્યા છે. તેમજ બાબરા તાલુકાના ચમારડી કુંવરગઢ અમરવાલપુર પીરખીજડીયા રોડને જોડતા અમરવાલપુર ગામે સી.સી. રોડ બનાવવાના કામે ૨૫ લાખ મંજુર કરવામાં આવ્યા છે. આ



નવા સુવિધાપથ (સી.સી.રોડ)ના કામો મંજુર થતા સ્થાનિક લોકો દ્વારા ખુશીની લાગણી વ્યકત કરવામાં આવી હતી અને ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તેમજ સાંસદ ભરતભાઈ સુતરીયાનો આભાર માનવામાં આવ્યો હતો.

### જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને કામગીરી સમીક્ષા બેઠક યોજાઇ

## અમરેલી જિલ્લામાં તાલુકાકક્ષાએ રવી કૃષિ મહોત્સવ યોજાશે

**કૃષિ અને પશુપાલન વિષયક વિશેષજ્ઞ દ્વારા માર્ગદર્શન અપાશે**



અમરેલી, તા. ૩

રાજય સરકાર દ્વારા સમગ્ર રાજયમાં આગામી તા. ૬ અને તા. ૭ ડિસેમ્બર, ૨૪ના રોજ રવી કૃષિ મહોત્સવ–૨૦૨૪નું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. આ અંતર્ગત અમરેલી જિલ્લાના તમામ ૧૧ તાલુકામાં રવી કૃષિ મહોત્સવ–૨૦૨૪ યોજાશે. રવી કૃષિ મહોત્સવના સુચારૂ આયોજન માટે જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા સેવા સદન ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી.

બેઠકમાં જિલ્લા કલેકટરએ, તાલુકા કક્ષાના નોડલ અધિકારીઓને રવી કૃષિ મહોત્સવના આયોજન અંગે જરૂરી દિશાનિર્દેશ આપ્યા હતા. રવી કૃષિ મહોત્સવ અંગે તાલુકા કક્ષાએ થયેલી કામગીરી વિશેની વિગતો મેળવી હતી. રવી કૃષિ મહોત્સવ કાર્યક્રમમાં પાણી, કાયદો વ્યવસ્થા સહિત જરૂરી વ્યવસ્થાઓ બાબતે ઘટતું કરવા જણાવ્યું. આ કાર્યક્રમ અંગેની વિગતો મળે અને કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શકે તે માટે સ્થાનિક સ્તરે પદાધિકારીઓ, ખેડુતો, મહાનુભાવો અને જનપ્રતિનિધીઓને માહિતગાર કરવા અનુરોધ કર્યો હતો. સંબંધિત અધિકારીઓને ઇ–કેવાયસી અને ફાર્મર રજિસ્ટ્રેશન કામગીરી વધુ સઘન થાય અને દૈનિક રીતે તે અંગેની સમીક્ષા કરવા સૂચના આપી. મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને યોજાનાર રાજય કક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ તમામ તાલુકાઓમાં દર્શાવવામાં આવશે, આથી આ અંગે સુચારૂ આયોજન અને વ્યવસ્થાઓ બાબતે ઘટતુ થાય તે જોવા સૂચના આપી હતી.

સમગ્ર બેઠકનું સંચાલન અને કાર્યક્રમની રૂપરેખા આપતા અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારી કાનાણીએ કહ્યુ કે, રવી કૃષિ મહોત્સવમાં કૃષિ પરિસંવાદ, કૃષિ પ્રદર્શન, પશુ આરોગ્ય કેમ્પ, સેવાસેતુ કાર્યક્રમ જેવા વિવિધ કાર્યક્રમોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં બહોળી સંખ્યામાં જિલ્લાના ખેડૂતો ભાગ લેશે. આ ઉપરાંત મોડલ ફાર્મની મુલાકાતનો પણ અવસર મળશે.

રાજય સરકાર દ્વારા ખેડૂત હિતલક્ષી યોજનાઓ અમલી છે, ખેડૂતોને કૃષિલક્ષી વિવિધ યોજનાઓની વિગતો પણ આપવામાં આવશે. મિલેટસ વાનગી સ્પર્ધા અને નિદર્શન, ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ, ખેતીમાં અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ, કૃષિ અને પશુપાલન વિષયક સ્ટોલ્સ – નિદર્શન થશે. આ કાર્યક્રમમાં લાભાર્થીઓને આપવામાં આવનાર લાભને લગતી જઢરી કાર્યવાહી પૂર્ણ કરવી. મહત્વનું છે કે, ખેડુતો નાગરિકોને સ્થળ પર વિશેષ સુવિધા મળી રહે તે માટે કાર્યક્રમના સ્થળે આરોગ્ય કેમ્પ, ઈ–કેવાયસી અને ફાર્મર રજિસ્ટ્રેશન કામગીરી પણ કરવામાં આવશે. અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ અંગે જરૂરી આયોજન કરવામાં આવ્યું છે. રવી કૃષિ મહોત્સવમાં વધુમાં વધુ ખેડુતો સહભાગી બને તે માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલ આ બેઠકમાં પ્રાંત અધિકારી અમરેલી નાકીયા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચાવડા, વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તમામ પ્રાંત અધિકારી, મામલતદારઓ, તાલુકા વિકાસ અધિકારીઓ તેમજ સંબંધિત અધિકારીઓ અને કર્મયોગીઓ જોડાયા હતા.

### ''ભારતીય સંસ્કૃતિ દર્પણ'' પરીક્ષામાં

## અમરેલીની મોંઘીબા મહિલા આર્ટસ કોલેજના વિદ્યાર્થીઓ પ્રથમ સ્થાને વિજેતા

**પ્રથમ સ્થાને રવિના સાપરાએ સ્થાન મેળવ્યું**



અમરેલી, તા. ૩

અમરેલી અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર દ્વારા આયોજીત ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા–૨૪માં સમગ્ર તાલુકામાંથી ૩૦૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. તે પરીક્ષા અંતર્ગત તાલુકા કક્ષાએ અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજની વિદ્યાર્થીનીઓએ 'સંસ્કૃતિ દર્પણ'માં પ્રથમ સાપરા રવિના એલ. (એફ.વાય.બી.એ.) દ્વિતિય ક્રમે પરમાર દયા આર. (એફ.વાય.બી.એ) તથા 'સંસ્કૃતિ ભાસ્કર'માં ચાંપિયા નમ્રતા એસ. (ટીયા.બી.એ.) દ્વિતિય ક્રમ પાપ્ત કર્યો હતો.

તાલુકા કક્ષાએ વિજેતા થનાર આ બહેનો તા. ૦૧/૧૨/૨૪ રવિવારે ચલાલા મુકામે જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા ગયા હતા. ત્યાં 'સંસ્કૃતિ દર્પણ'માં પરમાર દયા આર.નો પ્રથમ ક્રમ અને 'સંસ્કૃતિ ભાસ્કર'માં ચાંચિયા નમ્રતા એસ. તૃતીય ક્રમે વિજેતા બની અમરેલી જિલ્લા તથા કોલેજને ગૌરવ પ્રાપ્ત કરાવેલ છે. વિજેતા વિદ્યાર્થીનીઓને પુસ્તકો તથા શિલ્ડ એનાયત કરી સન્માનિત કર્યા હતાં. હવે આગામી તા. ૨૯/૧૨/૨૪નાં રોજ રાજય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. આ પરીક્ષાનું આયોજન દર વર્ષે ઈન્ચાર્જ આચાર્ય ડો. બી. આર ચુડાસમાના સુચારૂ માર્ગદર્શન તળે પ્રા. ડો. વિલાસબેન સોરઠીયા તથા સ્ટાફમિત્રોના સહકારથી સંપન્ન થાય છે.

સફળતા મેળવનાર વિદ્યાર્થીનીઓને અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, કિશોરભાઈ મહેતા, ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેકટર વી.એન.પેથાણી તથા સમગ્ર સ્ટાફ મિત્રો, ટ્રસ્ટીઓએ વિદ્યાર્થીનીઓને ખૂબ ખૂબ અભિનંદન તથા રાજયકક્ષા માટે હદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવેલ છે.

### હોટેલ એન્જલમાં મહત્વની બેઠક યોજાઈ

# અમરેલીનાં બિલ્ડર ગૃપમાં જંત્રીનાં સંભવિત નવા દર સામે નારાજગીનો માહોલ ઉભો થયો

### આગામી દિવસોમાં ઉચ્ચકક્ષાએ રજૂઆત કરાશે



અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં જંત્રીનાં નવા દરને લઈને રોષનો માહોલ ઉભો થયો છે. ગરીબઅનેમધ્યમવર્ગનાંપરિવારમાટે ઘરનાં ઘરનું સપનું સાકાર થવાની મુશ્કેલીમાં વધારો થવાનો હોય અને મકાન બાંધકામનાં વ્યવસાયને પણ મરણફટકોપડશે.

દરમિયાનમાંઅમરેલીમાં મકાનબનાવતાંબિલ્ડરઅનેડેવલપર્સ દ્વારા હોટેલ એન્જલમાં મહત્વની બેઠક યોજાઈ હતી અને નવા જંત્રી દરનાં ભયજનક પરિણામો અંગે ગંભીરતાથી વિચારણાનાં અંતે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરીને નવા જંત્રીનાં દર ઘટાડવાની માંગ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

### પાંચ–પાંચ કલાક સુધી વીજ પુરવઠો ખોરવાતા રોષ

# બગસરામાં ગમે તે સમયે વીજળી ગુલ થતાં પીજીવીસીએલ સામે નારાજગી

### ટેકનોલોજીનાં યુગમાં પણ વીજધાંધિયાથી પરેશાની

બગસરા, તા. ૩

બગસરામાંવીજકચેરીદ્વારા શહેરમાં ગમે ત્યારે લાઈટો બંધ કરી દેવામાંઆવેછે. ગુરૂવારેકરેલાવીજકાપ બાદપણતેટલામાંસંતોષનથીથતોહોય તેમ સોમવારના રોજ પણ પાંચ–પાંચ કલાકસુધીલોકોનેલાઈટોવગરહેરાન થવાનુંરહેછે.

બગસરાના વીજતંત્રએ જાણેલોકોનેહેરાનકરવાનુંનક્કીકરેલું હોય તેવું લાગી રહ્યું છે. મોટા ભાગે રીપેરીંગનાદિવસોહોયતેસિવાયલાંબા સમયસુધીલાઈટબંધરાખવાનીહોતી નથી. પરંતુ લાઈટ કાપના દિવસે નવ કલાકનોવીજકાપલોકોએભોગવીહોય તેમ છતાં સોમવારના રોજ અચાનક કોઈ પણજાણવગર પાંચ–પાંચ કલાક વીજળી કાપી નાખવામાં આવે છે. અધિકારીઓનીજાણેકોઈજવાબદારી ન હોય તેવી રીતે કોઈના પર પગલા લેવાની બદલે પ્રજાને હેરાન કરે છે. ગુરૂવારના રોજ આખા શહેરને નવ કલાકસુધીબાનમાંલઈ વગરવીજળીએ હેરાન કરેલ હોવા છતાં સોમવારે ફરી પાંચ કલાક સુધી અડધા શહેરને ત્રાહિમામ છોડાવી દીધું હતું. અનેક લોકોના વીજળી વગર ધાબો અટકી પડયાછે. આબાબતેઅનેકવારસ્થાનિક બગસરાના એન્જિનિયર અધિકારીને રજૂઆત કરેલ છતાં આખ આડા કાન કરેલ. આ બાબતે લોકો દ્વારા વીજતંત્ર પર ફિટકાર વરસાવવામાં આવી રહ્યો છે.

### સારહિ કલબ અને તાલુકા આરોગ્ય કચેરીનાં સંયુક્ત ઉપક્રમે

# અમરેલીનાં ઓમ નગર કોમ્પ્યુનિટી હોલ અને ગાયત્રી મંદિર પરિસરમાં આયુષ્યમાન વય વંદના કાર્ડ, ઈ–કેવાયસી કેમ્પ યોજાયો

### ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીનાં હસ્તે આયુષ્યમાન કાર્ડ વિતરણ કરાયું



અમરેલી, તા. ૩

ભારત સરકારની પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના તળે તબીબી સહિતની આવશ્યક સરકારી યોજનાઓની સરળ ઉપલબ્ધતા માટે આયુશ્યમાન વય વંદના કાર્ડ અને રેશનકાર્ડ ઈ–કેવાયસી પ્રક્રિયા હાલમા ચાલી રહી છે આ પ્રક્રિયાનો બહોળા પ્રમાણમા લોકો લાભ લઈ રહયા છે પરંતુ આ પ્રક્રિયામા વયોવૃધ્ધજનો કે જે ૭૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા હોય તેઓને નજીક સુવિધા પુરી પાડવા સેવાભાવી સંસ્થા સારહી યુથ કલબ ઓફ અમરેલી અને તાલુકા હેલ્થ કચેરી–અમરેલી તરફથી અમરેલી શહેરના વોર્ડ નં.–૨ ના ઓમનગર કોમ્પ્યુનિટી હોલ તેમજ ગાયત્રી મંદિર પરીસર ખાતે કેમ્પનું આયોજન કરવામા આવેલ જેમા ૩૫૦ વધુ લાભાર્થીઓએ લાભ ઉઠાવેલ હતો. લાભાર્થીઓને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના વરદ હસ્તે કાર્ડ વિતરણ કરવામા આવેલ હતું. આ તકે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, સારહી યુથ કલબના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, અમરેલી જીલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયંતિભાઈ પાનસુરીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા જયારે અશ્વમેઘ એજયુકેશન ટ્રસ્ટ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી સહયોગ પ્રાપ્ત થયો હતો. કેમ્પને સફળ બનાવવા સુરેશભાઈ શેખવા અને રવિરાજભાઈ શેખવાએ જહેમત ઉઠાવેલ તેમ અખબારી યાદીમાં જણાવાયેલ છે.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચનો સપાટો

# અમરેલીનાં જેસીંગપરા વિસ્તારમાં ઘરફોડ ચોરી કરનાર ૨ પરપ્રાંતિય ઈસમો ઝડપાયા

### પોલીસે રૂપિયા ૩૯ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો



અમરેલી, તા. ૩

અમરેલીના જેસીંગપરા સીમમાંઆવેલરાજેશભાઈ રમેશભાઈ પોકળનીવાડીમાંઆવેલમકાનમાંગત તા.૨૫/૧૦ ની રાત્રીના કોઈ અજાણ્યા ચોર ઈસમ પ્રવેશ કરી, વાડીમાં રહેતા કૈલાશભાઈ રણછોડભાઈ દેવકા, (રહે.અમરેલી, જેસીંગપરા મુળ મપ્રયપ્રદેશ) વાળાના તથા તથા અન્ય લોકોના કુલ મોબાઈલ ફોન નંગ– ૩, કિમત રૂપિયા ૧૪,૦૦૦ની ચોરી કરી લઈ જઈ ગુનો કરેલ હોય, જે અંગે

અનુસંધાન પાના ૬ ઉપર

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોપીને દબોચી લેવાયા

# અમરેલી જિલ્લાનાં સીમ વિસ્તારમાં આવેલ મંદિરોને નિશાન બનાવી ચોરી કરનાર બે પરપ્રાંતિય ઈસમો ઝડપાયા

### નાના ભંડારીયા, જરખીયા, વડેરા સહિતનાં ગામોમાં થયેલ ચોરીનાં ગુન્હાનો ભેદ ખુલ્યો



અમરેલી, તા. ૩

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.બી.ટીમ દ્વારા ચોક્કસ બાતમી હકિકત આધારે મુળ મપ્રયપ્રદેશના વતની અને હાલ બાબરા તાલુકાના કોટડાપીઠા ગામની સીમમાં રહેતાઉકારસિંહ ઈન્દરસિંહ ડાવર, તથા મુળ મધ્ય પ્રદેશના વતની અને હાલ અમરેલી તાલુકાના જાળીયા ગામની સીમ રહેતા જગદીશ ભુરસિંહ મેહુડા નામનાં બે પરપ્રાંતીય ઈસમોને રોકડા રૂ.૧૭,૦૦૦ તથા એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ–૨ કિમત રૂપિયા ૨૨,૦૦૦, તથા એક મોટર સાયકલ નંબર જી.જે.૦૬. ઈ.જી. ૬૩૧૬ કિમત રૂપિયા ૨૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૫૯,૦૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી, મંદીર ચોરી સહિતના સાત અનડીટેકટ ગુન્હાઓ ડીટેકટ કરવામાં એલ.સી.બી. ટીમને સફળતા મળેલ છે.

ઝડપાયેલ ઈસમોની સઘન પુછપરછ કરતાં તેઓએ આશરે બારેક દિવસ પહેલા અમરેલી તાલુકાના નાના ભંડારીયા ગામે આવેલ અંબાજી માતાના મંદીરમાં ગયેલ અને મંદીરમાં આવેલ દાન પેટીઓ તોડી તેમાંથી રોકડ રકમની ચોરી કરેલ હોય, તેમજ આશરે વીસેક દિવસ પહેલા લાઠી તાલુકાના જરખીયા ગામની સીમમાં આવેલ સુરાપુરા દાદાના મંદીરના દરવાજા તોડી અને મંદીરમાં દાન પેટીના તાળા તોડી રોકડ રકમની ચોરી કરેલ હતી. આશરે બે–અઢી માસ પહેલા અમરેલી તાલુકાના સાજીયાવદર ગામના પાટીયા પાસે એક બસમાંથી એક મુસાફર ઉતરેલ હોય તેને પૈસા દાગીના આપવાનું કહેતા તેની પાસેથી કંઇ નહી મળતા બડીયા વડે માર મારી જતા રહેલ હતા. વીસેક દિવસ પહેલા ચલાલા પાસેના શેલ ખંભાળીયા ગામે એક નદીના કિનારે આવેલ બાલાજીના મંદીરમાં દાન પેટ્ટી ખોલી તેમાથી પરચુરણ રોકડ રકમની ચોરી કરેલ હતી. પંદર દિવસ પહેલા અમરેલી તાલુકાના વડેરા ગામે આવેલ ગેબીહનુમાન મંદીરમાં દાન પેટ્ટી ખોલી તેમાથી પરચુરણ રોકડ રકમની ચોરી કરેલ હતી. વીસેક દિવસ પહેલા લાઠી તાલુકાના સુરગપરા ગામે આવેલ રામજી મંદીરમાં ચોરી કરવા ગયેલ પરંતુ મંદીરમાં કંઇ નહી મળતા જતા રહેલ હતા. એકાદ મહિના પહેલા વડીયા તાલુકાના લુણીધાર ગામે આવેલ એક વાસણની દુકાનના તાળા તોડી ચોરી કરવા ગયેલ પરંતુ દુકાનમાં કંઇ નહી મળતા જતા રહેલ હોવાની આરોપીએ કબુલાત આપતા સાત ગુન્હાનો ભેદ ઉકેલાયો છે.

### સમગ્ર શહેર સિંહની ડણકથી ગુંજી ઉઠયું

# લીલીયા શહેરના લાઠી રોડ પર નવ સિંહોનું ટોળુ આવી ચડયું

### સિંહોની અવરજવરથી ગ્રામજનોમાં ફફડાટ



લીલીયા, તા. ૩

લીલીયા શહેરના લાઠી રોડ પર આવેલ ગૌશાળા નજીક અંટાળીયા તરફથી નવ સિંહોનું ટોળું આવી ચડેલ વહેલી સવારે સાવજોની ડણકથી શહેર ગુંજી ઉઠયું હતું. અને એક તરફ ગાયોનો ભાંભરવાનો અવાજ બીજી બાજુ કુતરાનો ભસવાનો અવાજ શહેરીજનો માટે સૌ કોઈમાં આખો દિવસ ચર્ચાનો વિષય બની ગયો હતો.





૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
67,800/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૩/૧૨/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

અમરેલી એકસપ્રેસ
એજન્સી આપવાની છે...
અમરેલી જિલ્લાનાં લાઠી, દામનગર, ચિતલ, સા.કુંડલા રાજુલા, વીજપડી, ધારી, ચલાલા, વડિયા, માં 'અમરેલી એકસપ્રેસ' દૈનિકની એજન્સી આપવાની છે, એજન્સી માટે ઈચ્છુક ઉમેદવારોએ રૂબરૂ સંપર્ક કરવો.
સંપર્ક
મનોજ રૂપારેલ - તંત્રી
મો.૯૮૨૫૦ ૦૭૪૪૩
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ - અમરેલી





*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)